RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15** **Issue : 104** **Dt. 07-11-2025** **Page : 08** **Price : Rs 3**




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA**, Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# બિહારની ૧૨૧ બેઠકો પર ૬૪ ટકા મતદાન

## ચૂંટણી ઈતિહાસમાં સૌથી વધુ મતદાન : વડાપ્રધાને ટ્વિટ કરતા કહ્યું NDA એ મોટી લીડ મેળવી

રાજકોટ, તા. ૬

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૨૧ બેઠકો માટે મતદાન પૂર્ણ થયું છે. રાજ્યના ચૂંટણી ઈતિહાસમાં ૬૪.૬૬% મતદાન સૌથી વધુ હતું. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી વિનોદ સિંહ ગુંજ્યાલે જણાવ્યું હતું કે, કેટલીક જગ્યાએ છૂટાછવાયા બનાવો સિવાય, મતદાન શાંતિપૂર્ણ રહ્યું હતું. ૧૮ જિલ્લાઓમાં ૧૨૧ બેઠકો માટે મતદાન કરવા માટે મતદારો ઉત્સાહિત હતા. સવારથી જ મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી.

પીએમ મોદીએ મતદાનના પ્રથમ તબક્કા અંગે એક પોસ્ટ પોસ્ટ કરી. તેમાં તેમણે લખ્યું હતું કે, ''બિહાર વિધાનસભા ચૂંટણીમાં મતદાનના પ્રથમ તબક્કામાં NDA એ મોટી લીડ મેળવી છે. વધુમાં, બીજા તબક્કામાં પણ તેની લહેર દરેક જગ્યાએ દેખાઈ રહી છે.'' લોકોના આ ઉત્સાહ વચ્ચે, મને આવતીકાલે બપોરે ૧:૪૫ વાગ્યે ઔરંગાબાદમાં અને બપોરે ૩:૩૦ વાગ્યે ભાબુઆમાં મારા પરિવાર સાથે વાતચીત કરવાનો લહાવો મળશે. આ ચૂંટણી અને મતદાનના પ્રથમ તબક્કાને ધ્યાનમાં લેતા, કંઈ કહી શકાય નહીં. એ નોંધવું જોઈએ કે ૨૦૦૦ ની બિહાર વિધાનસભાની ચૂંટણીમાં સૌથી વધુ મતદાન થયું હતું, અને લાલુ પ્રસાદ યાદવનો આરજેડી સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો હતો, પરંતુ બહુમતીથી થોડી બેઠકો ઓછી પડી હતી.

બિહારમાં ચૂંટણી પરિણામો અણધારી છે; મતદાનમાં થોડા ટકાનો



વધારો પણ પરિણામ બદલી શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ પેટર્ન સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. ૧૧ ચૂંટણીઓમાં જ્યાં મતદાન વધ્યું છે, ત્યાં શાસક પક્ષ પાંચ વખત સત્તામાં પાછો ફર્યો છે, પરંતુ ત્રણ ચૂંટણીઓમાં જ્યાં મતદાન ઘટ્યું છે, ત્યાં બે વાર સત્તા બદલાઈ છે. આમ, બિહારના લોકો કેવી રીતે મતદાન કરી રહ્યા છે તે કહેવું અશક્ય છે. ૧૯૫૧ થી, બિહારની વિધાનસભાની ચૂંટણીમાં મતદાનમાં મતદાન માત્ર ચાર વખત ઘટ્યું છે. ત્યારબાદની દરેક ચૂંટણીમાં, લોકોએ વધુ ઉત્સાહ દર્શાવ્યો છે. જો ૨૦૨૫ ની ચૂંટણીમાં મતદાન ૬૫% સુધી પહોંચે છે, તો તે ફક્ત રેકોર્ડ તોડશે નહીં પરંતુ છેલ્લા સાત દાયકાના સમગ્ર મતદાન વલણને પણ વટાવી જશે.

બિહારમાં ચૂંટણી પરિણામો અણધારી છે; મતદાનના થોડા ટકા પણ પરિણામ બદલી શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ પેટર્ન સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. ૧૧ ચૂંટણીઓમાં જ્યાં મતદાન વધ્યું છે, ત્યાં શાસક પક્ષ પાંચ વખત સત્તામાં પાછો ફર્યો છે, પરંતુ ત્રણ ચૂંટણીઓમાં જ્યાં મતદાન ઘટ્યું છે, ત્યાં બે વાર સત્તા બદલાઈ છે. આમ, બિહારના લોકો મતદાન કેવી રીતે કરી રહ્યા છે તે કહેવું મુશ્કેલ છે. ૧૯૫૦ અને ૬૦ના દાયકામાં, બિહારમાં મતદારો મતદાનમાં બહુ રસ ધરાવતા ન હતા, સરેરાશ મતદાન માત્ર ૪૦ થી ૪૫ ટકા હતું. પછી ૧૯૭૦ના દાયકામાં, મતદાન ટકાવારી ૫૦ ટકાને પાર કરવા લાગી અને પછી ૨૦૦૦માં તે ૬૨ ટકા થઈ ગઈ.

# ધરપકડ કરવી હોય તો લેખિત આપવું ફરજિયાત : સુપ્રીમ

## સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો કે લેખિતમાં ધરપકડ માટે આધાર આપવાની જરૂરિયાત IPC-BNS હેઠળના તમામ ગુનાઓ પર લાગુ પડે



નવીદિલ્હી, તા. ૬

ગુરુવારે સુપ્રીમ કોર્ટે ધરપકડ પછી રિમાન્ડ સંબંધિત કેસની સુનાવણી કરી. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો કે લેખિતમાં ધરપકડ માટે આધાર આપવાની જરૂરિયાત ભારતીય દંડ સંહિતા/ઈગજ હેઠળના તમામ ગુનાઓ પર લાગુ પડે. મુખ્ય ન્યાયાધીશ (CJI) બી.આર. ગવઈ અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે ધરપકડ માટેના કારણો ધરપકડ કરાયેલ વ્યક્તિને તેઓ સમજે તેવી ભાષામાં લેખિતમાં જણાવવા જોઈએ. આમ કરવામાં નિષ્ફળતા ધરપકડ અને ત્યારબાદ રિમાન્ડ ગેરકાયદેસર બનશે.

સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલ વ્યક્તિને ધરપકડ માટેના કારણોની જાણ કરવાની જરૂરિયાત માત્ર ઔપચારિકતા નથી, પરંતુ ભારતીય બંધારણની કલમ ૨૨(૧) હેઠળ મૂળભૂત અધિકાર અધિનિયમ, ૧૯૬૫ માં સમાવિષ્ટ ફરજિયાત બંધારણીય સુરક્ષા છે. આમ, ધરપકડ માટેના કારણોની વ્યક્તિને શક્ય તેટલી વહેલી તકે જાણ ન કરવી એ તેમના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરશે, ભારતીય બંધારણની કલમ ૨૧ હેઠળ તેમના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન કરશે, ધરપકડ ગેરકાયદેસર બનાવશે. સુપ્રીમ કોર્ટના મતે, ધરપકડ કરાયેલ વ્યક્તિને ધરપકડના કારણો જણાવવા એ બંધારણીય આદેશ છે, જે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ (હવે BNS ૨૦૨૩ તરીકે ઓળખાય છે) સહિત તમામ કાયદાઓ હેઠળના તમામ ગુનાઓ માટે ફરજિયાત છે. ધરપકડના કારણો ધરપકડ કરાયેલ વ્યક્તિને તે ભાષામાં લેખિતમાં જણાવવા જોઈએ જે તેઓ સમજે છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જ્યાં ધરપકડ કરનાર અધિકારી ધરપકડ સમયે અથવા તે પછી તરત જ ધરપકડના કારણો જણાવવામાં અસમર્થ હોય, ત્યાં તેમણે મૌખિક રીતે આમ કરવું જોઈએ. આ કારણો વાજબી સમયની અંદર લેખિતમાં જણાવવા જોઈએ, અને કોઈપણ કિસ્સામાં, ધરપકડ કરાયેલ વ્યક્તિને રિમાન્ડ કાર્યવાહી માટે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે તે પહેલાં ઓછામાં ઓછા બે કલાક પહેલાં. આ આવશ્યકતાનું પાલન કરવામાં નિષ્ફળતા ધરપકડ અને ત્યારબાદ રિમાન્ડ ગેરકાયદેસર બનશે, અને વ્યક્તિ મુક્ત થઈ જશે. નોંધપાત્ર રીતે, આ કેસ અરજદારની ધરપકડથી ઉદ્ભવ્યો હતો, જે મુંબઈમાં એક હાઇ-પ્રોફાઇલ હિટ-એન્ડ-રન કેસમાં આરોપી હતો. બોમ્બે હાઈકોર્ટે અગાઉ ધરપકડમાં પ્રક્રિયાગત ખામીઓ સ્વીકારી હતી પરંતુ ગુનાની ગંભીરતા અને અરજદાર દ્વારા કસ્ટડીમાંથી છટકી જવાના કથિત પ્રયાસોને ટાંકીને તેને ગેરકાયદેસર જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો.

### પીપળ પાન ખરંતા, હસતી કૂંપળિયા, મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયા

# રાજકોટ ભાજપમાં ધરખમ ફેરફારના સંકેતો

## અમુક મોટા માથાઓ થઈ શકે છે સાઈડ લાઈન : કોરાણે મુકાયેલાઓ આવી શકે છે મેદાનમાં

રાજકોટ તા. ૬

ગઈકાલે શહેર ભાજપના નવા સંગઠન અંગે સેન્સ લેવાઈ. ત્યારબાદ ઉપસેલા ચિત્રમાં શહેર ભાજપના રાજકારણમાં ધરખમ ફેરફારો તોળાઇ રહ્યાના સંકેતો મળી રહ્યા છે. છેલ્લા થોડા સમયથી ભળ-ભાદર થયેલા માથાઓ કદ પ્રમાણે વેતરાઇ અને છેલ્લા થોડા સમયથી જ સાઇડ લાઇન થઇ ગયેલા પૂર્વ ભળ-ભાદર ફરી વટભેર મેદાનમાં આવે તેવું મનાઇ રહ્યું છે.

ગુજરાત પ્રદેશ ભાજપમાં ફેરફારો તોળાયા બાદ હવે શહેર ભાજપમાં ધરખમ ફેરફારો અને રાજકીય સમીકરણો સાવ પલટાય જ જાય તેવી ચર્ચાએ ભારે જોર પકડ્યું છે. શહેર ભાજપમાં છેલ્લા ઘણા સમયથી સાવ કોરાણે મુકાઇ ગયેલા અમુક નેતાઓ ફરી સોળે કળાએ ખીલે તેમ મનાઇ રહ્યું છે અને જેના વાવટા ફરકતા હતા તેવા અમુક મોટા માથાઓની રાવટી સંકેલાઇ જાય તેવા સમીકરણો ઊભા થઇ રહ્યા છે.

જેઓના કોઇ ભાવ પૂછતું ન હતું તેવા શહેરના અમુક પૂર્વ ભળ-ભાદરો પ્રદેશમાં ગોઠવાઇ અને સર્વેસર્વા મનાતા અમુકને ભવિષ્યમાં ધારાસભ્યની ટિકિટના કમીટમેન્ટ મળે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. શહેર ભાજપ સંગઠનમાં સમૂળગા ફેરફારો જાણકારો વર્તુળો જોઇ રહ્યા છે. તો બીજી તરફ જેમના પત્તા સાવ કપાઇ જાય તેવી ચર્ચા હતી. પરંતુ, આ ચર્ચા




માત્ર અફવા બની જાય અને વર્તમાન સુકાનીઓની હાથમાં જ બાગડોળ રહે તેમ મનાઇ રહ્યું છે.

એમ કહેવાય છે કે, અમુક ચોક્કસ માથાઓ હવે સાઇડ લાઇન થઇ જાય તેવા વાવળ વચ્ચે તેવી ચર્ચા થઇ રહી છે કે, રાજકોટના અમુક નેતાઓના કરતૂતો અંગે હાઇકમાન્ડને ચોંકાવનારી વિગતો મળી છે અને તેના આધારે મૌવડી મંડળ કદ પ્રમાણે વેતરી શકે છે. દરમિયાન એક ચર્ચા એવી પણ થઇ રહી છે કે, આગામી મહાનગરપાલિકાની ચૂંટણીમાં નો રિપીટ થિયરી જેવા ઘાટ ઘડાવવાનું નિશ્ચિત મનાઇ રહ્યું છે. ત્યારે સંગઠનમાં આવો જ તાસીરો જોવા મળે તો નવાઇ નહી.

ચર્ચાતી વિગતો મુજબ, બન્ને નિરીક્ષકો રાજકોટની ચોંકાવનારી રજુઆતો સાથે વિદાય થયા છે ત્યારે તેઓને અહીંથી મળેલ ચોંકાવનારી વિગતો તથા સેન્સ લેવા આવતી વેળાએ તેમને જે સુચનો આપવામાં આવ્યા હતા તે મુજબ અમુક મોટા માથાઓને કદ પ્રમાણે વેતરી નાખવાની કહેવાતી સુચના પ્રમાણે ભાજપ વર્તુળમાં ચોંકાવનારી ચર્ચા જાગી છે. એમ મનાઇ છે કે, સ્ટેટ આઇબી, કેન્દ્રિય આઇબી સહિતની એજેન્સી પાસે તટસ્થાપૂર્વકની વિગતો માંગવામાં આવી હતી. તે મુજબ તપાસ કરી તટસ્થ રિપોર્ટ કેન્દ્રિય તથા રાજ્યની નેતાગીરીએ ચોંકાવનારા ધરખમ ફેરફારોના અણસાર આપી દીધા છે.

ભાજપ વર્તુળોમાંથી એવી વિગતો મળી રહી છે કે, શહેર ભાજપના સંગઠનમાં ચોંકાવનારા ફેરફારો તથા રાજકીય સમીકરણો જોતા શહેર ભાજપ સંગઠનમાં ધરખમ ફેરફારો આવી રહ્યા છે. સત્તા અને સંગઠનમાં વિવાદો અવારનવાર બહાર આવે છે. ભ્રષ્ટાચારના સરેઆમ થયેલા આક્ષેપોથી પાર્ટીની પ્રતિષ્ઠાને નુકસાન થયાનું કાર્યકરોને લાગે છે. આથી હવે સત્તા અને સંગઠનની એકબીજામાં દખલગીરી પણ ઓછી કરવાનો સમય આવી ગયો છે. ખાસ કરીને વર્ષોથી મહેનત કરતા લોકોને સંગઠનમાં સમાવવામાં આવે તો ટીમમાં નવો જુસ્સો ઉમેરાશે તો વર્ષોથી પાર્ટીમાં રહેલા પરંતુ ભાજપ કરતા પોતાના કામ કરવામાં બીઝી થઇ ગયેલા નેતાઓને બ્રેક આપી દેવાનો સમય આવી ચૂકયો છે. આ સેન્સ પરથી હવે ભાજપની ટીમ નવી આવી શકે તેવું જાણકારો કહી રહ્યા છે. મહાપાલિકાની ૭૨ બેઠકમાં પણ નવું રોટેશન આવી ગયું છે. માત્ર ૨૨ બેઠક જનરલ પુરૂષ માટે અનામત રહી છે. છેલ્લા બે વર્ષમાં સત્તા અને સંગઠનમાં સંકલનના અભાવ જોવા મળ્યા છે. પૂર્વ પ્રમુખને ૭ મહિનામાં બદલવામાં આવ્યા હતા. હવે પ્રથમ વખત પ્રમુખ સિવાયના હોદેદારોની નિમણુંક માટે ઉપરથી સેન્સ લેવી પડી છે. એટલે કે તમામ લોકોને પોતાની વાત રજુ કરવા તક આપવામાં આવી છે. આ સંજોગોમાં જે રીતે મંત્રી મંડળમાં સંપૂર્ણ નવીન દેખાયું તે રીતે ભાજપ સંગઠન અને ફેબ્રુઆરીમાં કોર્પો.ની ટીકીટ ફાળવણીમાં પણ મોટા પાયે નવા અને યુવા ચહેરાઓ આવી શકે તેવી આગાહી પણ એક વર્ષ કરી રહ્યો છે. ગઇકાલે પ્રદેશ નિરીક્ષકોએ સંકલનમાં સામેલ એક-એક અગ્રણીઓને વ્યક્તિગત રૂબરૂ બોલાવી તેઓના અભિપ્રાય લીધા હતા.

# ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ૮ જેટ તૂટ્યા : ટ્રમ્પ

## ટ્રમ્પે ૬૦ થી વધુ વખત દાવો કર્યો કે તેઓએ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરી હતી

નવીદિલ્હી, તા. ૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર દાવો કર્યો છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરી હતી. આ વખતે ટ્રમ્પે પોતાના દાવામાં થોડો ફેરફાર કર્યો છે. ફ્લોરિડાના મિયામીમાં અમેરિકા બિઝનેસ ફોરમમાં ટ્રમ્પે કહ્યું હતું કે ભારત-પાકિસ્તાન સંઘર્ષમાં આઠ ફાઇટર જેટ તોડી પાડવામાં આવ્યા હતા. અગાઉ, તેમણે દાવો કર્યો હતો કે સાત તોડી પાડવામાં આવ્યા હતા, જોકે તેમણે સ્પષ્ટ કર્યું ન હતું કે આ જેટ કયા દેશના છે. ૧૮ જુલાઈના રોજ, ટ્રમ્પે કહ્યું હતું કે ભારત-પાકિસ્તાન અથડામણમાં પાંચ વિમાન તોડી પાડવામાં આવ્યા હતા. ૨૫ ઓગસ્ટના રોજ, તેમણે દાવો કર્યો હતો કે સાત તોડી પાડવામાં આવ્યા હતા. છેલ્લા કેટલાક મહિનામાં, ટ્રમ્પે ૬૦ થી વધુ વખત દાવો કર્યો છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરી હતી. ટ્રમ્પના મતે, તેમણે યુદ્ધ બંધ ન થાય તો વેપાર કરાર રદ કરવાની ધમકી આપી હતી. ટ્રમ્પે કહ્યું, ''હું ભારત અને પાકિસ્તાન સાથે વેપાર કરાર પર હસ્તાક્ષર કરવાનો હતો ત્યારે અખબારમાં સમાચાર આવ્યા કે તેઓ યુદ્ધ કરવા જઈ રહ્યા છે. સાત વિમાન તોડી પાડવામાં આવ્યા હતા, અને આઠમું પણ ખરાબ રીતે નુકસાન થયું હતું.'' પછી મેં કહ્યું, ''આ યુદ્ધ છે, અને હું યુદ્ધમાં રહેલા દેશો સાથે વેપાર કરીશ નહીં.

ટ્રમ્પે કહ્યું કે જ્યારે તેમણે આ નિવેદન આપ્યું ત્યારે ભારત અને પાકિસ્તાને કહ્યું કે



તેનો વેપાર સાથે કોઈ સંબંધ નથી. પરંતુ ટ્રમ્પે કહ્યું, ''તેનો સીધો સંબંધ છે. જો તમે યુદ્ધ કરશો, તો હું કોઈ કરાર પર હસ્તાક્ષર કરીશ નહીં.'' ટ્રમ્પના જણાવ્યા મુજબ, બીજા દિવસે તેમને એક ફોન આવ્યો જેમાં તેમને જણાવવામાં આવ્યું કે બંને દેશો યુદ્ધવિરામ માટે સંમત થયા છે. ''મેં કહ્યું, 'મહાન! હવે આપણે વેપાર કરીશું.' ટેરિફ અને દબાણ વિના આ શક્ય ન હોત.'' ટ્રમ્પે દાવો કર્યો હતો કે રાષ્ટ્રપતિ બન્યા પછી, તેમણે ભારત-પાકિસ્તાન, કોસોવો-સર્બિયા અને કોંગો-રવાંડા સંઘર્ષો સહિત આઠ મોટા આંતરરાષ્ટ્રીય સંઘર્ષોને અટકાવ્યા છે. તેમણે પોતાને વૈશ્વિક શાંતિ લાવનારા નેતા તરીકે વર્ણવ્યા હતા. જોકે, ભારતે ટ્રમ્પના દાવાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે. ભારતનું કહેવું છે કે યુદ્ધવિરામ અમેરિકન હસ્તક્ષેપને કારણે નહીં, પરંતુ પાકિસ્તાનની વિનંતી પર થયો હતો. પાકિસ્તાની લશ્કરી અધિકારીઓએ ભારતને ગોળીબાર બંધ કરવાની વિનંતી કરી હતી.

ભારતે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન-અધિકૃત કાશ્મીર (PoK) માં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા. આ કાર્યવાહી પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં હતી, જેમાં ૨૨ એપ્રિલે ૨૬ ભારતીયો માર્યા ગયા હતા. આના પરિણામે બંને દેશો વચ્ચે ચાર દિવસ સુધી ગોળીબાર અને મિસાઇલ હુમલા થયા. ૧૦ મેના રોજ, પાકિસ્તાને યુદ્ધવિરામની હાકલ કરી, જેનાથી સંઘર્ષનો અંત આવ્યો.

## વ્હેલ માછલીની ઉલટી(એમ્બરગ્રીસ) વિષે જાણી અજાણી વાતો

# કરોડોમાં વેચાતું એમ્બરગ્રીસ કેમ કહેવાય છે તરતું સોનું?

**એમ્બરગ્રીસમાં એવું કયું તત્વ છે ? કે જે અત્તર-પરફ્યુમને બનાવી દે છે સુગંધી**

**સૌરાષ્ટ્ર-ગુજરાત અને ખાસ કરીને દરિયાય કાંઠાના વિસ્તારોમાંથી ઘણી વાર પકડાય છે એમ્બરગ્રીસ : આંતરરાષ્ટ્રીય સ્તરે કરોડોનું ગણાતું એમ્બરગ્રીસનો ઉપયોગ શું? : સોનાથી પણ વધુ કીમતી ગણાતું એમ્બરગ્રીસ વ્હેલ માછલીના શરીરમાં કેવી રીતે બને છે ? આવો જાણીએ**

રાજકોટ, તા.૬

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઘણા વર્ષોથી અખબારી માધ્યમો દ્વારા સમાચારો સંભાળવા અને વાંચવા મળે છે કે પોલીસે ''એમ્બરગ્રીસ'' પકડ્યું. નિતનવું જાણવા મથતા રહેતા લોકો આવા સમાચારોને ઊંડાણથી વાંચે છે અને કહેવાય કે સમજે છે. બાકીના વાચકો માત્ર ઘટના જાણીને એમ્બરગ્રીસનું મહત્વ સહિતની વિગતો જાણવાથી મો ફેરવી લ્યે છે. ત્યારે મારી-તમારી પાસે રહેલા ચળકતા સોનાથી પણ વધુ કિમતી ''એમ્બરગ્રીસ''ની રસપ્રદ માહિતી ''રાજકોટ મિરર''ના વાચકો માટે અત્રે પ્રસ્તુત છે.

એમ્બરગ્રીસ શું છે ? સૌરાષ્ટ્ર - ગુજરાતમાં અત્યાર સુધીમાં કેટલી વાર પકડાયું છે ? તે બાબતે ચોક્કસ કહેવું મુશ્કેલ છે પણ એમ્બરગ્રીસ અંગે મહત્તમ વિગતો અહી ઉલ્લેખ્વાનો અમોએ પ્રયાસ કર્યો છે. એમ્બરગ્રીસને સામાન્ય રીતે વ્હેલ માછલીની ઉલ્ટી (વ્હેલ વોમિટ) તરીકે ઓળખવામાં આવે છે, જોકે કેટલાક સ્ત્રોતો તેને સ્પર્મ વ્હેલ, સ્પર્મ વ્હેલ ના આંતરડામાં બનતો અને પછી ઉલ્ટી અથવા મળ સ્વરૂપે બહાર આવતો નક્કર, મીણ જેવો પદાર્થ પણ ગણાવે છે. નિષ્ણાંતો કહે છે કે એમ્બરગ્રીસ સામાન્ય રીતે ગ્રે, કાળો અથવા સફેદ કલરનું હોઈ શકે છે. તે મુખ્યત્વે અત્તર અને પરફ્યુમ ઉદ્યોગમાં વપરાય છે. તેમાં રહેલો આલ્કોહોલ પરફ્યુમની સુગંધને લાંબા સમય સુધી જાળવી રાખવામાં મદદ કરે છે, જેના કારણે તેની કિંમત ખૂબ ઊંચી હોય છે. સંશોધકો અને વૈજ્ઞાનિકો એમ્બરગ્રીસને 'સમુદ્રનો ખજાનો' અથવા 'તરતું સોનું' નામ આપીને ઓળખાવે છે.

એમ્બરગ્રીસ અંગે ઊંડાણથી જાણીએ તો સ્પર્મ વ્હેલ એક સંરક્ષિત પ્રજાતિ હોવાથી, તેનો શિકાર ગેરકાનૂની છે અને એમ્બર ગ્રીસનો વેપાર પણ ઘણા દેશોમાં પ્રતિબંધિત અથવા નિયંત્રિત હોવાનું કહેવાય છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં એમ્બર ગ્રીસનો ભાવ ઘણો ઊંચો આંકવામાં છે, જે સોના કરતાં પણ વધારે હોવાનું માનવામાં આવે છે. વિવિધ અહેવાલો મુજબ, એક કિલોગ્રામ એમ્બર ગ્રીસની કિંમત ૧ કરોડથી વધુ હોઈ શકે છે. જોકે, તેની ગુણવત્તા અને બજારની માંગના આધારે કિંમત બદલાઈ કરોડોમાં બદલાતી રહે છે. એમ્બર ગ્રીસનો ગેરકાયદેસર વેપાર ભારતના વન્યજીવ સંરક્ષણ કાયદા(વાઈલ્ડલાઈફ પ્રોટેકશન એક્ટ)) હેઠળ આવરી લેવાયો હોવાથી દંડનીય ગુનો બને છે.

એમ્બરગ્રીસ, 'તરતું સોનું' અથવા 'ગ્રે એમ્બર' પણ કહેવામાં આવે છે, તે એક દુર્લભ કુદરતી પદાર્થ હોવાનું કહેવાય છે. તે ફક્ત સ્પર્મ વ્હેલના આંતરડામાં જ ઉત્પન્ન થાય છે. સ્પર્મ વ્હેલ સમુદ્રમાં મુખ્યત્વે વિશાળ સ્ક્વિડ અને કટલફિશ ખાય છે. આ જીવોની અપાચ્ય તીક્ષ્ણ ચાંચ અને હાડકાં વ્હેલના આંતરડાને ઈજા પહોંચાડી શકે છે. આ ઈજાથી બચવા માટે, વ્હેલનું શરીર એક ચીકણો પદાર્થ ઉત્પન્ન કરે છે જે આ સખત કણોની આસપાસ જમા થાય છે અને ધીમે ધીમે નક્કર પદાર્થમાં ફેરવાય છે, જેને એમ્બરગ્રીસ કહેવામાં આવે છે.

### ક્યાં અને ક્યારે મળે એમ્બરગ્રીસ?

એમ્બરગ્રીસ વ્હેલ માછલીના શરીરમાં બનતા એક પદાર્થનું નામ છે. આવો પદાર્થ વ્હેલના શરીરમાંથી ઉલ્ટી અથવા મળ સ્વરૂપે બહાર નીકળીને સમુદ્રમાં તરતો રહે છે. રાસાયણિક રીતે, તેમાં મુખ્યત્વે એમ્બ્રેઈન નામનું સંયોજન હોય છે, જે કોલેસ્ટ્રોલ જેવું જ ગણાય છે.બે પ્રકારના એમ્બરગ્રીસ બાબતે જોઈએ તો જ્યારે તે વ્હેલના શરીરમાંથી તરત જ બહાર નીકળે છે, ત્યારે તેની ગંધ તીવ્ર અને અણગમતી (મળ જેવી) હોય છે. જેને તાજું એમ્બરગ્રીસ તરીકે ઓળખાય છે. જયારે વ્હેલ માછલીના શરીરમાંથી બહાર આવ્યા બાદ દરિયાના પાણી, સૂર્યપ્રકાશ અને હવાના સંપર્કમાં આવીને વર્ષો સુધી તરતું રહે છે. આ પ્રક્રિયામાં તે સખત બને છે અને તેનો રંગ આછો પીળો, ગ્રે અથવા કાળો થઈ જાય છે. આ પરિપક્વ એમ્બરગ્રીસની ગંધ મીઠી, માટી જેવી અને કસ્તુરી જેવી બની જાય છે, જે પરફ્યુમ માટે અત્યંત મૂલ્યવાન ગણાય છે.

### ક્યા દેશોમાં એમ્બરગ્રીસ કાયદેસર

**એમ્બરગ્રીસની વૈશ્વિક સ્થિતિ પર નજર કરવામાં આવે તો તેની કાયદેસરતા દેશ પ્રમાણે બદલાય છે. જો તમે ભારતમાં છો, તો એમ્બરગ્રીસનું વેચાણ, ખરીદી કે કબજો રાખવો એ કાયદાકીય ગુનો છે. એટલેકે ભારતમાં એમ્બરગ્રીસની તસ્કરી પર પ્રતિબંધ છે. યુનાઈટેડ સ્ટેટ્સ, ઓસ્ટ્રેલિયામાં સ્પર્મ વ્હેલને સંરક્ષિત પ્રજાતિ હેઠળ આવરી લેતા કાયદાઓનો અમલ કરવામાં આવે છે. યુનાઈટેડ કિંગડમ , ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ, ન્યુઝીલેન્ડ જ્યાં તે કુદરતી રીતે મળી આવે અને વ્હેલને ઈજા પહોંચાડવામાં ન આવી હોય, ત્યાં તેનો વેપાર કાયદેસર ગણાય છે.**

### એમ્બરગ્રીસની કિંમત કરોડોની

નિષ્ણાંતો કહે છે કે પરિપક્વ અને શુદ્ધ એમ્બરગ્રીસની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત કરોડોમાં અંકાય છે. તે સોના કરતાં પણ વધુ હોવાની શક્યતા નકારી શકાતી નથી. તેની દુર્લભતા અને અત્તરમાં એમ્બરગ્રીસના અનોખા ઉપયોગને કારણે, ગુણવત્તાયુક્ત એમ્બરગ્રીસની કિંમત ઘણીવાર બજારમાં સોનાની કિંમત કરતાં પણ વધારે હોય છે. એમ્બરગ્રીસનો નાનો જથ્થો પણ કરોડો રૂપિયામાં વેચાઈ શકે છે, તે દરિયામાં તરતું જોવા મળે છે અને કહેવાય છે કે નશીબદાર માછીમાર- દરિયાઈ ખેડુઓ, બીચકોમ્બર્સના હાથમાં આવી શકે છે. વ્હેલ માછલી ઉલટી સ્વરૂપે જે મળ કાઢે છે તે એકદમ હળવો હોવાથી દરિયામાં ડૂબતો નથી અને પાણીમાં તરતો રહે છે. એ કારણે તેને ''તરતું સોનું''ની પણ ઉપમા અપાઈ છે.

### ક્યા દેશ કે જગ્યે જોવા મળે સ્પર્મ વ્હેલ માછલી?

સ્પર્મ વ્હેલ કોઈ એક ચોક્કસ દેશની માછલી નથી. તે વિશ્વના તમામ મહાસાગરોમાં જોવા મળે છે. તેઓ ''કોસ્મોપોલિટન ડિસ્ટ્રિબ્યુશન'' ધરાવે છે, જેનો અર્થ છે કે તેઓ સમગ્ર વિશ્વમાં ફેલાયેલી છે. સ્પર્મ વ્હેલ સમગ્ર વિશ્વના ઊંડા, બરફ-મુક્ત પાણીમાં જોવા મળે છે (સામાન્ય રીતે જ્યાં ઊંડાઈ ૧૦૦૦ મીટરથી વધુ હોય ત્યાં) સ્પર્મ વ્હેલના બચ્ચા અને માદા સામાન્ય રીતે ગરમ, ઉષ્ણકટિબંધીય અને સમશીતોષ્ણ પાણીમાં રહે છે. પુખ્ત નર વ્હેલ ખોરાકની શોધમાં ધ્રુવીય પ્રદેશો -ઊંચા અક્ષાંશો એન્ટાર્કટિકા અને ગલ્ફ ઓફ અલાસ્કાના દરિયાકિનારામાં તરફ વધુ પ્રવાસ કરે છે, એમ્બરગ્રીસ સામાન્ય રીતે એવા દરિયાકિનારાઓ પર તણાઈને આવે છે, જ્યાં સ્પર્મ વ્હેલનું હલનચલન હોય. ભૂતકાળમાં, એટલાન્ટિક મહાસાગરના તટ, બહામાસ, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ, હિંદ મહાસાગર અને પ્રશાંત મહાસાગરના તટ, માડાગાસ્કર, માલદીવ્સ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ભારતના (ખાસ કરીને ગુજરાતના દરિયાકિનારા પર ક્યારેક મળે છે). દરિયાકિનારે મળી આવ્યું છેઃ એમ્બરગ્રીસનું ઉત્પાદન માત્ર થોડીક (અંદાજે ૧% થી ૫%) સ્પર્મ વ્હેલમાં જ થતું હોવાથી , જે તેને અત્યંત દુર્લભ મનાય છે.

### એમ્બરગ્રીસનો ઉપયોગ ક્યા ક્યા થાય છે?

આમ તો એમ્બરગ્રીસનો ઉપયોગ પરપરાગત દવા અને અમુક ખોરાક અને પીણામાં થતો હોવાનું કહેવાય અને મનાય છે. જો કે એમ્બરગ્રીસનો સૌથી મોટો ઉપયોગ વૈભવી પર્ફ્યુમ (અત્તર) ઉદ્યોગમાં ફિક્સેટિવ તરીકે એટલે કે, તે પરફ્યુમની સુગંધને બાષ્પીભવન થતી અટકાવીને તેને લાંબા સમય સુધી જાળવી રાખવા માટે થાય છે. જોકે, આધુનિક સમયમાં ખર્ચ અને કાયદાકીય પ્રતિબંધોને કારણે મોટાભાગે સિન્થેટિક એમ્બ્રોક્સાઈડનો ઉપયોગ થાય છે, પરંતુ હજુ પણ કેટલીક લક્ઝરી બ્રાન્ડ્સમાં કુદરતી એમ્બરગ્રીસનો ઉપયોગ થાય છે. તે સિવાય ભૂતકાળમાં એમ્બરગ્રીસનો ઉપયોગ કેટલીક સંસ્કૃતિઓમાં માથાનો દુખાવો, શરદી અને અન્ય બીમારીઓ માટે દવા તરીકે થયો હોવાનું મનાતું આવે છે. ઐતિહાસિક રીતે, તેનો ઉપયોગ ખોરાક(ચોકલેટ) અને પીણાંમાં પણ કરવામાં આવતો હતો તેવું કહેવાય છે. પ્રાચીન ઈજિપ્તવાસીઓ તેને ધૂપ તરીકે બાળતા હોવાનું કહેવાય છે.

### એમ્બરગ્રીસ અંગે કાયદો શું કહે છે?

ભારતમાં એમ્બરગ્રીસનો વેપાર સંપૂર્ણપણે ગેરકાયદેસર છે.સ્પર્મ વ્હેલને ભારતના વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ની અનુસૂચિ-ઈ માં મૂકવામાં આવી છે, જે અત્યંત સંરક્ષિત પ્રજાતિઓમાંની એક છે. આ કાયદા હેઠળ, તેના કોઈપણ ઉત્પાદન (જેમ કે એમ્બરગ્રીસ)નો વેપાર કે કબજો રાખવો ગંભીર ગુનો બનતો હોવાનો કાયદો છે. તેની ઊંચી કિંમતને કારણે, તેની તસ્કરી દરિયાકાંઠાના વિસ્તારોમાં થતી રહે છે, જેમાં ગુજરાતનો દરિયાકિનારો પણ સંડોવાયેલો હોવાનું મનાય છે. ભારતમાં (અને અન્ય ઘણા દેશોમાં) કુદરતી એમ્બરગ્રીસનો વેપાર સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે એમ્બરગ્રીસ માત્રને માત્ર સ્પર્મ વ્હેલ માછલી દ્વારા જ ઉલટી સ્વરૂપે શરીરમાંથી બહાર કાઢતો પદાર્થ છે. તે કોઈ સામાન્ય માછલી કે અન્ય કોઈ વ્હેલ પ્રજાતિમાં બનતો નથી. એમ્બરગ્રીસ એ માત્ર અને માત્ર સ્પર્મ વ્હેલના પાચનતંત્રમાં જ ઉત્પન્ન થતો અત્યંત દુર્લભ પદાર્થ છે. એમ્બરગ્રીસનો ઉપયોગ કાયદેસર છે કે નહીં, તે તમે કયા દેશમાં છો તેના પર આધાર રાખે છે.ભારતમાં, એમ્બરગ્રીસનો ઉપયોગ અને વેપાર પ્રતિબંધિત (ગેરકાયદેસર) છે.

### ભારતમાં ક્યા ક્યા રાજ્યોમાંથી પકડાયું એમ્બરગ્રીસ ?

ભારતનો દરિયાકિનારો લાંબો હોવાથી અને ખાસ કરીને ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ અને તમિલનાડુના દરિયાકાંઠાના વિસ્તારોમાં એમ્બરગ્રીસની તસ્કરીના કિસ્સાઓ વધુ જોવા મળે છે. ૨૦૨૪/૨૦૨૫ ગુજરાતમાં સુરત, અમદાવાદ, ભાવનગર અને રાજકોટ)માં કિલોની માત્રામાં એમ્બરગ્રીસ પકડાયું હતું. ગુજરાતમાં ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજી દ્વારા કરોડો રૂપિયાની કિંમતનો એમ્બરગ્રીસ જપ્ત કરવામાં આવ્યો હતો. આરોપીઓ વેરાવળ જેવા દરિયાકિનારાના વિસ્તારોમાંથી તેને મોટા શહેરોમાં વેચવા આવ્યા હતા. રાજકોટમાંથી પણ સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ત્રણેક કરોડના એમ્બરગ્રીસ સાથે સુરેન્દ્રનગરના ત્રણ શખ્સને દબોચી લીધા હતા. ૨૦૨૩/૨૦૨૪ મહારાષ્ટ્ર (મુંબઈ, કલ્યાણ)માં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ૬ કરોડથી વધુ મૂલ્યનો જથ્થો પકડ્યો હતો. આરોપીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં તેની તસ્કરી કરવાના પ્રયાસમાં હતા. આણંદ અને વલસાડમાંથી પણ એમ્બરગ્રીસ પકડાયાનું કહેવાય છે. ૨૦૨૩ કર્ણાટક (કોડગુ) આશરે ૧૦ કિલોગ્રામ પોલીસે ૧૦ કરોડથી વધુનો પ્રતિબંધિત જથ્થો જપ્ત કરીને એક આંતરરાજ્ય તસ્કરી નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો, જે કેરળથી શરૂ થઈને આંધ્ર પ્રદેશ સુધી ફેલાયેલો હતો. ૨૦૨૨ તમિલનાડુ (રામનાથપુરમ) કિલોગ્રામમાં કોસ્ટ ગાર્ડ દ્વારા શ્રીલંકા તરફ થતી દરિયાઈ તસ્કરીને અટકાવવામાં આવી હતી.

### એમ્બરગ્રીસ તસ્કરીના મુખ્ય ભારતસહિતના આંતરરાષ્ટ્રીય સ્થાનો

ભારતીય એજન્સીઓના અહેવાલો અને જપ્ત કરાયેલા માલસામાનના આધારે, એમ્બરગ્રીસના મુખ્ય અંતિમ ગંતવ્ય દેશોમાં યુનાઈટેડ આરબ અમીરાત (ગ્અઉ) / મધ્ય પૂર્વના દેશો ખાસ ગણવામાં આવે છે કેમકે આ વિસ્તાર વૈભવી અત્તરો (ખાસ કરીને અરેબિયન અત્તરો) અને પરંપરાગત દવાઓ માટે જાણીતો છે, જ્યાં એમ્બરગ્રીસની માંગ ખૂબ ઊંચી હોવાનું કહેવાયછે.ભારતના પશ્ચિમી દરિયાકિનારા (ગુજરાત, મહારાષ્ટ્ર) પરથી દુબઈ અથવા અન્ય મધ્ય પૂર્વના બંદરો દ્વારા તેની તસ્કરી થાય છે. દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં ગેરકાયદેસર વેપાર માટે ટ્રાન્ઝિટ પોઈન્ટ (વચગાળાના માર્ગ) તરીકે પણ ઉપયોગમાં લેવાય છે, જ્યાંથી અંતિમ ગંતવ્ય દેશો (જેમ કે યુરોપ)માં માલ મોકલવામાં આવે છે.ચેન્નાઈ અને તુતીકોરિન જેવા દક્ષિણના બંદરો પરથી આ રૂટનો ઉપયોગ થાય છે. યુરોપ અને ખાસ કરીને ફ્રાન્સ અને યુકેમાં લક્ઝરી પર્ફ્યુમ ઉદ્યોગ ખૂબ વિકસિત છે. જોકે હવે મોટાભાગે સિન્થેટિક વિકલ્પો વપરાય છે, પરંતુ હજી પણ કેટલાક હાઈ-એન્ડ બ્રાન્ડ્સમાં તેની માંગ રહેલી છે, અને યુકે અને ફ્રાન્સમાં કુદરતી એમ્બરગ્રીસનો વેપાર કાયદેસર મનાય છે. ભારતમાંથી એમ્બરગ્રીસની તસ્કરી મુખ્યત્વે દરિયાઈ માર્ગે થાય છે, અને શ્રીલંકા, તમિલનાડુના દરિયાકાંઠાથી (ખાસ કરીને તુતીકોરિન) શ્રીલંકા એક નજીકનું ટ્રાન્ઝિટ પોઈન્ટ છે. માલદીવ્સ કે જે ભારતની નજીક હોવાથી, આ ટાપુઓનો ઉપયોગ પણ મધ્ય પૂર્વ અને અન્ય સ્થળો માટે ટ્રાન્ઝિટ તરીકે થાય છે. પશ્ચિમી બંદરોમાં મુંબઈ (નહાવા શેવા), મુન્દ્રા (ગુજરાત) અને ચેન્નાઈના બંદરોનો ઉપયોગ મોટા પાયે છુપાવીને કન્ટેનર દ્વારા માલ મોકલવા માટે થાય છે.તસ્કર ગેંગ્સ મોટે ભાગે તટવર્તી વિસ્તારોમાંથી એમ્બરગ્રીસ એકત્રિત કરે છે અને તેને મુંબઈ, અમદાવાદ અથવા બેંગલુરુ જેવા મોટા શહેરોમાં લાવે છે, જ્યાંથી આંતરરાષ્ટ્રીય નેટવર્ક દ્વારા તેની નિકાસ કરવામાં આવે છે.

### એમ્બરગ્રીસનું વિકલ્પ એમ્બ્રોક્સન

એમ્બરગ્રીસના વિકલ્પ તરીકે નિષણાંતોનું માનવું છે કે તેમનો મુખ્ય વિકલ્પ એમ્બ્રોક્સન છે. તે કુદરતી એમ્બરગ્રીસનો સૌથી પ્રચલિત અને વ્યાપકપણે ઉપયોગમાં લેવાતો કૃત્રિમ વિકલ્પ છે.આ કૃત્રિમ વિકલ્પે વ્હેલનું શોષણ અટકાવીને પરફ્યુમ ઉદ્યોગને નૈતિક દિશા આપી હોવાનું કહેવાય છે. એમ્બ્રોક્સન શા માટે એમ્બરગ્રીસનો શ્રેષ્ઠ વિકલ્પ છે? તે વાતની તપાસમાં જાણવા મળ્યું છે કે કુદરતી એમ્બરગ્રીસ ખૂબ જ દુર્લભ છે અને તેનો પુરવઠો અનિશ્ચિત હોય છે. તેની સરખામણીમાં, એમ્બ્રોક્સન પ્રયોગશાળામાં મોટા પાયે અને સતત ઉત્પાદિત કરી શકાય છે, જેના કારણે તેની કિંમત ઘણી ઓછી રહે છે. યુએસ અને ભારત સહિત ઘણા દેશોમાં કુદરતી એમ્બરગ્રીસનો વેપાર ગેરકાયદેસર અથવા પ્રતિબંધિત છે. એમ્બ્રોક્સન કૃત્રિમ હોવાથી, તેના ઉપયોગ પર કોઈ કાયદાકીય પ્રતિબંધ નથી, અને તે વન્યજીવ સંરક્ષણની દ્રષ્ટિએ નૈતિક રીતે યોગ્ય છે. કૃત્રિમ ઉત્પાદન હોવાથી, એમ્બ્રોક્સનની ગુણવત્તા અને શુદ્ધતા હંમેશા જાળવી શકાય છે, જે કુદરતી એમ્બરગ્રીસમાં શક્ય નથી. આજે, વિશ્વના ૯૯% થી વધુ પરફ્યુમ ઉદ્યોગમાં, ખાસ કરીને મોટા પાયે ઉત્પાદન કરતી લક્ઝરી બ્રાન્ડ્સમાં, એમ્બરગ્રીસના સ્થાને એમ્બ્રોક્સનનો જ ઉપયોગ થાય છે. એમ્બ્રોક્સન એ આધુનિક પરફ્યુમ ઉદ્યોગમાં એક 'સુપર-નોટ' ગણાય છે. તે માત્ર લાંબો સમય ટકાવનાર ફિક્સિટીવ નથી, પરંતુ તે પોતાની રીતે જ એક સ્વચ્છ, ગરમ, અને કસ્તુરી જેવી સુગંધ આપે છે. ઘણા જાણીતા આંતરરાષ્ટ્રીય પરફ્યુમમાં એમ્બ્રોક્સનનો મુખ્ય ઘટક તરીકે ઉપયોગ થાય છે.



### અત્તર, સ્પ્રે બનાવવા સહિતના કામોમાં ઉપયોગી વ્હેલ માછલીની ઉલ્ટીની આંતરરાષ્ટ્રી બજારમાં હોય છે કરોડોની કિંમત

# ત્રણ કરોડનું એમ્બરગ્રીસ વહેંચે તે પહેલા ત્રિપૂટી ઝડપાઇ

## સુરેન્દ્રનગરના ત્રણ શખ્સો બાબરા પાસેથી ઉલ્ટી લઇ રાજકોટ શાસ્ત્રી મેદાન પાસે કાર લઇ વેંચવા આવ્યા પણ ગ્રાહકને બદલે થઇ ગયો શહેર એસઓજીની ટીમનો ભેટોઃ ઓક્ટોબરમાં પણ અડધા કરોડનું એમ્બરગ્રીસ SOGએ પકડ્યું હતું

રાજકોટ તા. ૬

શહેર એસઓજી ગેરકાયદે પ્રવૃતિઓ સતત પર્દાફાશ કરતી રહે છે. માદક પદાર્થો, હથીયારોની હેરાફેરી, જંગલી પ્રાણીઓનું ગેરકાયદે વેંચાણ કરવાનો પર્દાફાશ સહિતની કામગીરી કરતી શહેર એસઓજીનીટીમે એક મહિનામાં બે વખત વ્હેલ માછલીની ઉલ્ટીના ગેરકાયદે વેપલાનો પર્દાફાશ કર્યા છે. આજીડેમ ચોકડી પાસેથી ગત દસમી ઓક્ટોબરે એક શખ્સને અડધા કરોડના એમ્બરગ્રીસ સાથે પકડ્યા પછી હવે લીમડા ચોક શાસ્ત્રી મેદાન પાસેથી સુરેન્દ્રનગરના ત્રણ શખ્સોને ત્રણ કરોડના એમ્બરગ્રીસ સાથે દબોચી લઇ વન વિભાગને સોંપ્યા છે. આ ત્રણેયને બાબરાનો શખ્સ આ ઉલ્ટી આપી ગયાનું બહાર આવ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેર એસઓજીની ટીમે વધુ એક વખત વ્હેલ માછલીની ઉલ્ટી એટલે કે એમ્બર ગ્રીસ સાથે ત્રણ શખ્સોને પકડ્યા છે. બાતમીને આધારે સુરેન્દ્રનગરના ત્રણ શખ્સોને શાસ્ત્રી મેદાન લીમડા ચોકની હોટેલ પાસેથી રૂા. બે કરોડ સત્તાણુ લાખના એમ્બર ગ્રીસ સાથે પકડી લીધા છે. આ ત્રણેય બાબરાના શખ્સ પાસેથી વ્હેલ માછલીની ઉલ્ટી લઇ રાજકોટમાં વેંચવા આવ્યા હતાં. પણ ગ્રાહક મળે એ પહેલા એસઓજીની ટીમનો ભેટો થઇ ગયો હતો. શહેર એસઓજીની ટીમ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમનો ભંગ કરનારા શખ્સોને શોધવા વોચ રાખી રહ્યો હોઇ આ દરમિયાન શહેર એસઓજીના એએસઆઇ ફિરોઝભાઇ ઇકબાલભાઇ શેખ, હેડકોન્સ. અમીતભાઇ ટુંડીયા, કોન્સ. કિશોરભાઇ ઘૂઘલ અને કોન્સ. રવિરાજભાઇ વીહાભાઇ ધગલને ચોક્કસ બાતમી મળી હતી કે શાસ્ત્રી મેદાન લીમડા ચોક નજીક હોટેલ કે રોઝ પાસે ત્રણ શખ્સો શંકાસ્પદ વ્હેલ માછલીની ઉલ્ટી-એમ્બર ગ્રીસનો જથ્થો લઇને વેંચવા માટે આવ્યા છે.

આ બાતમી મળતાં જ ઉચ્ચ અધિકારીની સુચન મુજબ તુરત જ એસઓજીની ટીમ પહોંચી હતી અને બાતમી મુજબના ત્રણેયને સકંજામાં લઇ તલાશી લેતાં તેની પાસેથી વ્હેલ માછલીની ઉલ્ટી મળી આવી હતી. વન વિભાગના અધિકારીઓને બોલાવી આ પદાર્થની ચકાસણી કરાવ્યા બાદ બીએનએસએ-૧૦૬ મુજબ કબ્જે કરી વન વિભાગને મુદ્દામાલ સોંપી ત્રણેય શખ્સોને પણ વન વિભાગના હવાલે કરાયા હતાં.



પુછપરછમાં આ ત્રણેયએ પોતાના નામ નરેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા ( દેવનગર દાડમીલ રોડ, સુરેન્દ્રનગર), આશિષ સુરેશભાઇ ભટ્ટ (૪/૭, વિવેકાનંદ સોસાયટી નવા જંકશન રોડ સુરેન્દ્રનગર) અને પરેશ ચંદ્રકાંતભાઇ શાહ (જય સોસાયટી તારામણી કોમ્પલેક્ષ પાછળ રતનપર તા. સુરેન્દ્રનગર) જણાવ્યા હતાં. ત્રણેય આ વ્હેલ માછલીની ઉલ્ટી ક્યાંથી લાવ્યા? તે અંગે પ્રાથમિક પુછતાછ થતાં ત્રણેયએ પોતાને સરધાર નજીક બાબરાનો શખ્સ આ પદાર્થ વેંચવા માટે આપી ગયાનું રટણ કર્યુ હતું. ત્રણેય રાજકોટ આવી આ પદાર્થ વેંચવાના હતાં. જો કે ગ્રાહક મળે એ પહેલા એસઓજીની ટીમે પકડી લીધા હતાં. આ ત્રણેય પાસેથી ૨.૯૬૩ કિલોગ્રામ વ્હેલ માછલીની ઉલ્ટી જપ્ત કરવામાં આવી છે.

આ ઉલ્ટીની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત રૂા. ૨,૯૬,૩૦,૦૦૦ થાય છે. ત્રણેય પાસેથી આ એમ્બરગ્રીસ તેમજ ૨૦ હજારના ૪ મોબાઇલ ફોન અને ૮૦ હજારની કાર મળી કુલ રૂા. ૨,૯૭,૩૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. ઝડપાયેલાઓમાં નરેન્દ્રસિંહ પ્રાઇવેટ નોકરી કરે છે. આશિષ આઇસીઆઇસીઆઇ બેંકમાં નોકરી કરે છે અને પરેશભાઇ નિવૃત જીવન જીવે છે. વન વિભાગ દ્વારા ત્રણેયની વધુ પુછતાછ હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ એસ. બી. ધાસુરા, એએસઆઇ ફિરોઝભાઇ ઇકબાલભાઇ શેખ, હેડકોન્સ. અમિતભાઇ ખીમજીભાઇ ટુંડીયા, કોન્સ. રવિરાજભાઇ વીહાભાઇ ધગલ અને કિશોરભાઇ લક્ષમણભાઇ ઘૂઘલે આ કામગીરી કરી હતી.

અહિ નોંધનીય છે કે ગત દસમી ઓક્ટોબરે પણ ફિરોઝભાઇ શેખ અને રવિરાજભાઇ ધગલની બાતમી પરથી આજીડેમ ચોકડી નજીકની વિરમ મનજીભાઇ બાવળીયા નામના બાબરાના કરીયાણા ગામના શખ્સને અડધા કરોડના એમ્બરગ્રીસ સાથે પકડી લેવાયો હતો. ત્યારે શિહોરના જીતુ અને સાયલાના વિનોદના નામ ખુલ્યા હતાં. વ્હેલ માછલીની લટીનો ઉપયોગ દવાઓ માટે થાય છે તેમજ કોસ્મેટિક આઈટમ્સ, અત્તર, સ્પ્રે પણ બને છે. આ ઉલ્ટીની બજાર કિંમત કરોડોમાં હોય છે. અગાઉ એક શખ્સ પકડાયો ત્યારે શિહોર અને સાયલાના શખ્સોના નામ ખુલ્યા હતાં. આ વખતે બાબરાના શખ્સનું નામ સામે આવ્યું છે. તેને વન વિભાગની ટીમ શોધી આગળ કાર્યવાહી કરશે.

# મતદાર સુધારણા માટે ફોર્મ વિતરણની કામગીરી આજે થશે પૂર્ણ

## આઠ વિધાનસભા વિસ્તારમાં ૨૩ લાખ મતદારો કલેકટર ઓમ પ્રકાશ એ કયું ૧૦ લાખ વોટરોનું થશે મેપિંગ



રાજકોટ, તા. ૬

હાલ સમગ્ર દેશમાં મતદાર સુધારણા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે તેમાં પણ હાલ ગુજરાત સહિતના ૧૨ રાજ્યોમાં એસઆઇઆર ની કામગીરી શરૂ કરી દેવાય છે ત્યારે રાજકોટની વાત કરવામાં આવે તો આ કામગીરીના પગલે જિલ્લામાં પણ બૂથ લેવલ ઓફિસર દ્વારા ડોર ટુ ડોર મતદારોની ચકાસણી કરવાની કામગીરી શરૂ કરી દીધી છે. જય અંગે ગઈકાલે રાજકોટ કલેકટર ઓમ પ્રકાશ દ્વારા માહિતી આપવામાં આવી હતી અને ખાસ પત્રકાર પરિષદ પણ બોલાવવામાં આવી હતી. જેમાં રાજકોટ જિલ્લાના આઠ વિધાનસભા વિસ્તારમાં કુલ ૨૩ લાખથી વધુ મતદારો છે ત્યારે અત્યાર સુધી પાંચ લાખ મતદારોને ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. અને આજે સમગ્ર જિલ્લામાં ફોર્મ વિતરણની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે સાથોસાથ રાજકોટ જિલ્લામાં દસ લાખ વોટરની મેપિંગની કામગીરી પણ પૂર્ણ કરી દેવાય છે જ્યારે બાકીની કામગીરી એક માસમાં પૂર્ણ થઈ જવાનો આશાવાદ રાજકોટ કલેકટર દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ૨૨૫૬ બીએલઓ દ્વારા મતદાર સુધારણા ની કામગીરી કરવામાં આવશે તેમજ ૨૩૩ જેટલા સુપરવાઇઝરોની પણ ખાસ નિમણૂક તંત્ર દ્વારા કરવામાં આવી છે. કલેકટરે મતદારોએ રજૂ કરવાના દસ્તાવેજો અંગે પણ સ્પષ્ટતા કરી હતી એટલું જ નહીં આ મતદારોએ ફક્ત ૨૦૦૨ ની નામની યાદીની વિગત મૂકવી પડશે. મળતી માહિતી મુજબ બુચ લેવલ ઓફિસર દ્વારા કામગીરીમાં સહયોગ કરવામાં આવશે એટલું જ નહીં જુલાઈ ૧૯૮૭ થી ડિસેમ્બર ૨૦૦૪ વચ્ચે જન્મેલા મતદારોએ માતા પિતા માંથી એકનું પ્રૂફ સાથે લીંક કરવાનું રહેશે જ્યારે ૨૦૦૪ બાદના મતદારો આ મતદારોએ પોતાના પ્રૂફ સાથે વાલી નું પ્રુફ પણ જોડવું પડશે.

એટલું જ નહીં કલેક્ટર જણાવ્યું હતું કે આઝાદી બાદ દેશમાં નવમી વખત મતદાર યાદી સુધારણા ની કામગીરી ચાલુ થઈ ચૂકી છે છેલ્લે આ કામગીરી ૨૦૦૨માં થઈ હતી. ત્યારે વધુને વધુ લોકો આ કાર્યમાં સહકાર અને સહયોગ આપે તે ખૂબ જરૂરી છે. મતદાર યાદી સુધારણા ને લઇ અનેકવિધ પ્રશ્નો ભૂતકાળમાં પણ ઊભા થયા હતા ત્યારે તમામ પ્રશ્નો ઉપર પૂર્ણવિરામ મૂકવામાં આવે અને ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની ગેરવ્યવસ્થા ન સર્જાય તે માટે ચૂંટણી પંચ દ્વારા ખાસ મતદાર સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી દેશના ઘણા ખરા રાજ્યોમાં આ અંગે વિરોધ પણ થયો છે જ્યારે હાલ બહાર રાજ્યોમાં આ અંગેની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.

### મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીને ગઠિયો ભેટી ગયો

# બાળકોને લેપટોપ આપાવવાના બહાને ૩૬,૦૦૦ ખંખેરી લીધા

## રૂપિયા પડાવ્યા બાદ ગઠીયાએ ફોન બંધ કરી દીધો! : સાઈબર ક્રાઈમ પોલીસમાં નોંધાયો ગુન્હો

રાજકોટ, તા.૬

શહેરના કટારીયા ચોકડી પાસે આવેલા પંડિત દિનદયાળ નગરમાં રહેતા અને બહુમાળી ભવન ખાતે મદદનીસ સમાજ કલ્યાણ અધિકારી તરીકે ફરજ બજાવતા નિખિલ સોમાભાઈ પરમાર સાથે ૩૬ હજારની છેતરપીંડી થયાની સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. પછાત વર્ગના સરકારી બાળકોને લેપટોપ અપાવી દેવાની યોજનાની લાલચ આપી છેતરપીંડી કરાયાનું ફરિયાદમાં જણાવ્યું છે.

સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ કરનાર નિખિલ સોમાભાઈ પરમાર જણાવ્યું છે કે પોતે બહુમાળી ભવન ખાતે મદદની સમાજ કલ્યાણ અધિકારી તરીકે ફરજ બજાવે છે. ૧૦મી ઓક્ટોબરના રોજ તેમના ગામના વતની ડાયાભાઈ પરમારનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તેમની દીકરી રાજકોટ ખાતે કોલેજમાં બીસીએ કોમ્પ્યુટરનો અભ્યાસ કરે છે




અને આ માટે સરકાર દ્વારા મફતમાં લેપટોપ યોજના અમલમાં હોય તો જણાવજો. પરંતુ નિખિલભાઇએ આવી કોઈ યોજના જાણવા નથી તેવું જણાવ્યું હતું પણ સામેથી ડાયાભાઈએ પોતાના પરિચિત સરવૈયા જયસુખ અરજણ સાથે વાત કરાવતા જયસુખે સેન્ટ્રલ ગવર્મેન્ટ કૌશલ્ય સ્કીલ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટ એજ્યુકેશન નોડલ ઓફિસર તરીકેની ઓળખ આપી, પછાત વર્ગના ગરીબ બાળકોને લેપટોપ યોજનાનો લાભ અપાવું છું તેવું જણાવી ફરિયાદી યુવાનને વિશ્વાસમાં લીધો હતો. દરમિયાન જયસુખ કહેતો ગયો તેમ ફરિયાદી યુવાને કટકે કટકે રૂ. ૩૬ હજાર ચીટરે આપેલા બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

બાદમાં જયસુખે ફોન ઉપાડવાનું બંધ કરી દેતા તેમની સાથે છેતરપીંડી થઇ હોવાનું લાગતા આ બારાની ૧૯૩૦ પણ જાણ કરવામાં આવતા યુનીવર્સીટી પોલીસે જયસુખ સામે ગુનો નોંધી તેમની શોધખોળ આદરી છે.

# શ્વાને ફાડી ખાધેલું મૃત બાળક મળતા અરેરાટી

રાજકોટ તા. ૬

શહેરના આકાશવાણી ચોક પાસેના સરકારી ક્વાર્ટર પાસેથી આજે સાંજે કૂતરાએ ફાડી ખાધેલું એક નવજાત મૃત શિશુ મળી આવતા સેવાભાવીએ સરકારી એમ્બ્યુલન્સ ૧૦૮ને બોલાવી હતી. બનાવથી લતાવાસીઓમાં અરેરાટી જન્મી છે.

બનાવની મળતી વિગતો મુજબ આકાશવાણી ચોક પાસેના સરકારી ક્વાર્ટર પાસે આજે સાંજે સાતેક વાગ્યે એક નવજાત શિશુ કુતરાઓએ ફાડી ખાધેલી અવસ્થામાં પડ્યું હોવાનું કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા એમ્બ્યુલન્સના સ્ટાફ દ્વારા મૃત શિશુને હોસ્પિટલે લઈ જવાયું હતું. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે યુનીવર્સીટી પોલીસને જાણ કરતા યુનિવર્સિટી પોલીસે આવી રીતે રસ્તા પર નવજાત શિશુને ફેંકી દઈને મોતના મુખમાં ધકેલી દેનાર માતાની શોધખોળ આદરી છે.

### બુટલેગરનનું મકાન તોડી પડાયું

રૂખડિયાપરા વિસ્તારમાં રહેતા દારૂના બુટલેગર રાજેશ ઉર્ફે ડોનીયોના મકાન પર પ્રનગર પોલીસે બુલડોઝર ફેરવી દીધું છે. દાદાના ચાલેલા બુલડોઝરથી અન્ય અસામાજિક તત્વો, બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.


# ભારત-આફ્રિકાની A ટીમ વચ્ચે રાજકોટમાં થશે સટાસટી

## ૧૩ નવેમ્બરથી શરૂ થતા ત્રણ વન-ડે મેચમાં અભિષેક શર્મા, તિલક વર્મા, ઋતુરાજ ગાયકવાડ જેવા ખેલાડીઓ રમશે

રાજકોટ, તા.૬

વુમન્સ વર્લ્ડ કપ જીતનારી ભારતીય મહિલા ટીમને વડાપ્રધાને એક ખૂબ સારી વાત કહી અને કહ્યું કે હવે ક્રિકેટ ભારતની રગેરગમાં વસે છે અને ભારતના પ્રદર્શનથી દેશ આખામાં તેની અસર પણ જોવા મળે છે ત્યારે ભારતમાં હર હંમેશ ૩૬૫ દિવસ ક્રિકેટ ફીવર રહે છે ત્યારે રાજકોટ માટે સારા સમાચાર એ છે કે નિરંજનશા સ્ટેડિયમ ખાતે ૧૩ નવેમ્બરથી ભારત અને દક્ષિણ આફ્રિકાની એ ટીમ વચ્ચે ત્રણ વન-ડે મેચ રમાશે જેમાં ભારતીય ટીમમાં રમેલા અને એશિયા કપમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તિલક વર્મા, અભિષેક શર્મા જેવા ખેલાડીઓ લોકો ને પોતાની રમતથી રીઝવશે. ઋતુરાજ ગાયકવાડ, અર્ષદીપસિંહ, રિયાન પરાગ સહિતના ખેલાડીઓ રાજકોટના બનશે મહેમાન.

રાજકોટમાં આગામી તા.૧૩થી ભારત અને દક્ષિણ આફ્રિકાની એ ટીમો વચ્ચે વન-ડે મેચોની આખી સિરીઝ રમાનાર છે. જેના કારણે તિલકવર્મા, ઋતુરાજ ગાયકવાડ, અભિષેક શર્મા, રિયાન પરાગ, અર્શદિપસિંહ સહિતના સ્ટાર પ્લેયર્સ રાજકોટમાં ધામા નાખનાર છે.ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બે ટેસ્ટ મેચની શ્રેણી ૧૪ નવેમ્બરથી શરૂ થઈ રહી છે, જેના માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. જોકે, આ શ્રેણીના એક દિવસ પહેલા જ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે એક વનડે શ્રેણી પણ શરૂ થઈ રહી છે, અને આ શ્રેણી માટે ટીમની પણ જાહેરાત કરવામાં આવી છે, જેમાં તિલક વર્માને કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે.





### ઈન્ડિયા એ ટીમ

તિલક વર્મા (કેપ્ટન), રૂતુરાજ ગાયકવાડ (વાઈસ-કેપ્ટન), અભિષેક શર્મા, રિયાન પરાગ, ઈશાન કિશન (વિકેટકીપર), આયુષ બદોની, નિશાંત સિંધુ, વિપરાજ નિગમ, માનવ સુથાર, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, ખલીલસિંહ અહેમદ, પ્રસિદ્ધ સિંધુ (વિકેટકીપર)

### સાઉથ આફ્રિકા A ટીમ

માર્ક્સ એકરમેન (કેપ્ટન), જોર્ડન હરમન, સિનેથેમ્બા કેશિલે, જેસન સ્મિથ, ડેલાનો પોટગીએટર, કોડી યુસેફ, રુબિન હર્મન, રિવાલ્ડો મૂનસામી, લુઆન-ડ્રે પ્રિટોરિયસ, ઓટનીએલ બાર્ટમેન, બજોર્ન ફોર્ટુઈન, ક્વેના એમફાકી, પીટર મોરેન્બા, ટી.

ભારત અને દક્ષિણ આફ્રિકા અ ટીમો વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણી ૧૩ નવેમ્બરથી શરૂ થશે, જેની બધી મેચો ગુજરાતના રાજકોટમાં રમાશે. આ શ્રેણી ઈન્ડિયા A અને દક્ષિણ આફ્રિકા A વચ્ચે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીનો એક ભાગ છે. બુધવારે અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ આ વનડે શ્રેણી માટે ટીમોની જાહેરાત કરી. તિલક ઉપરાંત, અભિષેક શર્મા, આયુષ બદોની અને IPL સ્ટાર વિપ્રજ નિગમ જેવા ખેલાડીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની સિનિયર ટીમ ODI શ્રેણી ૩૦ નવેમ્બરથી શરૂ થવાની છે. પરિણામે, આ A શ્રેણીને ODI શ્રેણીની તૈયારીની તક તરીકે જોવામાં આવી રહી હતી. બધાની નજર રોહિત શર્મા અને વિરાટ કોહલીને આ શ્રેણીમાં સામેલ કરવામાં આવશે કે કેમ તેના પર હતી. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે પસંદગીકારો A શ્રેણી માટે આ બે અનુભવી ખેલાડીઓની પસંદગી નહીં કરે, અને આ આખરે સાચું સાબિત થયું. અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ ટી૨૦ માં સતત સારું પ્રદર્શન કરનારા તિલક વર્મા અને અભિષેક શર્માને આ શ્રેણીમાં ODI ફોર્મેટમાં તક આપી છે, અને તેથી જ તિલકને કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. વધુમાં, ટીમ ઈન્ડિયાના ODI પ્લાનનો ભાગ રહેલા ફાસ્ટ બોલર અર્શદીપ, હર્ષિત રાણા અને પ્રસિદ્ધ કૃષ્ણાને પણ આ શ્રેણીમાં રમવા માટે કહેવામાં આવ્યું છે. સ્ટાર વિકેટકીપર ઈશાન કિશનને પણ આ શ્રેણી માટે પસંદ કરવામાં આવ્યો છે, જે તેના માટે ટીમ ઈન્ડિયામાં પાછા ફરવાની સારી તક સાબિત થઈ શકે છે. દરમિયાન, ઋતુરાજ ગાયકવાડને વાઈસ-કેપ્ટન તરીકે બનાવવામાં આવ્યો છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# રાજનીતિના માવઠા શરૂ

## ખેડૂત મુદ્દો નિર્ણાયક બનીને ઉભરી શકે તેવો છે



મેઘરાજાએ દેવ દિવાળી સુધી લડી લીધા બાદ વિદાય લીધી હોય તેમ લાગે છે. હવે શિયાળાનો વારો આવશે. જો કે, ઘણાં આગાહીકારો કહે છે કે, હજુ પણ માવઠાના સંજોગો છે. આ માવઠા આવે કે ન આવે, પણ રાજકીય માવઠા કેડો મૂકે તેમ નથી.મહાપાકિલાઓ અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના સેટિંગ-સમીકરણો ગોઠવાઇ રહ્યા છે. ત્યારે મેઘરાજાએ નવો મુદ્દો ઉભો કરી દઇને તેની આસપાસ ચૂંટણી ઘુમતી રહે તેવો માહોલ સર્જી દીધો છે. રાજકીય માવઠા મતદાન સુધી વરસતા રહેશે.

તટસ્થ અને વાસ્તવિક દ્રષ્ટિકોણથી સ્થિતિ પર નજર કરીએ તો કમોસમી વરસાદ એ કુદરતનો કોપ ગણાય. આમાં સરકારનો સીધો કોઇ વાંક નથી. જો કે, કૃષિપાકની બરબાદી અને ખેડૂતોને સહાયનો મુદ્દો નિર્ણાયક બનીને ઉભર્યો છે. એ પણ વાસ્તવિકતા છે.

મતદારોના વિવિધ જૂથોમાં ખેડૂત વર્ગ સૌથી મોટો અને નિર્ણાયક છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ વર્ગના મતો પરિણામ નક્કી કરતા હોય છે. વિપક્ષને મેઘરાજાએ પ્રચારનો મોટો મુદ્દો આપી દીધો છે.

કોંગ્રેસ અને આપ બન્ને પક્ષો ખેડૂતને અન્યાય મામલે સક્રિય બની ગયા છે. કોંગ્રેસની સક્રિયતા તીવ્રતમ છે. દેખાઇ રહી છે. ખેડૂત આક્રોશ યાત્રાથી ખેડૂતોની લાગણીને બળ મળી રહ્યું છે. પ્રદેશના નેતાઓ સૌરાષ્ટ્રના દશ જિલ્લાઓમાં ફરી વળવા નીકળી પડ્યા છે.

ખેડૂતોના આક્રોશને બળ આપીને કોંગ્રેસ આક્રોશને પોતાના મતમાં પલટાવી શકે છે કે નહિ, તે મોટો પ્રશ્ન છે. પણ, હાલ વિપક્ષ પાસે સ્ટ્રોંગ અને નિર્ણાયક મુદ્દો આવી ગયો છે.

આ સામે સરકાર પણ સચેત બની ગઇ છે. મુખ્યમંત્રી અને પ્રધાનો ખુદ ખેડૂતો સુધી પહોંચવા લાગ્યા છે. કૃષિપાકની બરબાદી સાથે ઐતિહાસિક સહાય પેકેજ જાહેર થવાની તૈયારી છે. અંદરની માહિતી પ્રમાણે મોટું પેકેજ રજૂ થવાનું છે. આક્રોશને ટાઢો પાડવાનું આ મહત્વનું કદમ ગણાશે, પરંતુ અનુભવ તેવો રહ્યો છે કે, કુદરતના કોપનો ભોગ બનેલાને ગમે તેટલા સહાય કરવામાં આવે છતાં સંતુષ્ટિનો ભાવ આવતો નથી. આ બાબત સરકાર માટે કસોટી સમાન બને તેમ છે. શાસક ભાજપનું જમા પાસે એ છે કે, તેનું પ્રચારતંત્ર અને નેટવર્ક પાવરફૂલ છે. બીજી બાજુ વિપક્ષ કોંગ્રેસ પાસે ખેડૂતને અન્યાયરૂપી હથિયાર પાવરફૂલ છે. આ કારણે મતદાન સુધી રાજકીય માવઠા ધમધોકાર વરસશે.

ખેડૂતોએ યાદ રાખવા જેવી બાબત એ છે કે, ધરતી માતા સિવાય તેનું કલ્યાણ કોઇ કરી શકે તેમ નથી.

!! લાખ રૂપિયાની વાત !!

જીવવાની મજા તો ત્યારે આવે
જ્યારે તમને ખબર હોય કે લોકો
તમારો ઉપયોગ કરી રહ્યા છે,.
તેમ છતાં તમે નિસ્વાર્થ
ખર્ચાઈ રહ્યા હોવ,..

અંજામની ખબર તો સાહેબ
કર્ણને પણ હતી પણ વાત
સંબંધ નિભાવવાની હતી,..
શબ્દો ને બે જ જણા ઢંગથી
વાંચે છે એક "જ્ઞાન મેળવનાર" ને
બીજો "ભુલો શોધનાર",..

પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# બિહારમાં વાર-પલટવાર

## પીએમ મોદીએ કહ્યું કે જંગલ રાજ દરમિયાન કોઈ પુલ બનાવવામાં આવ્યો નથી : પ્રિયંકાએ કહ્યું ત્રણ વર્ષમાં ૨૭ પુલ તૂટ્યા

નવીદિલ્હી, તા. ૬

ગુરુવારે અરરિયામાં ચૂંટણી રેલીને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહાગઠબંધન પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે ૧૫ વર્ષના જંગલ રાજે બિહારને બરબાદ કરી દીધો, એક પણ પુલ બન્યો નહીં. પીએમ મોદીના હુમલાનો જવાબ આપતા કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું કે ત્રણ વર્ષમાં બિહારમાં ૨૭ પુલ તૂટી પડ્યા. પ્રિયંકા ગાંધીએ મોતીહારીમાં ચૂંટણી રેલીને સંબોધતા આ નિવેદન આપ્યું. રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, ‘‘જંગલ રાજે ૧૯૯૦ થી ૨૦૦૫ સુધી બિહાર પર શાસન કર્યું. જંગલ રાજે બિહારને બરબાદ કરી દીધું. સરકાર ચલાવવાના નામે, તમને ફક્ત લૂંટવામાં આવ્યા. જંગલ રાજ દરમિયાન બિહારમાં કેટલા એક્સપ્રેસવે બનાવવામાં આવ્યા? શૂન્ય.‘‘ તેમણે વધુમાં જણાવ્યું કે NDA સરકાર હેઠળ નીતિશ કુમારે બિહારને જંગલ રાજમાંથી બહાર કાઢવા માટે સખત મહેનત કરી છે. ૨૦૧૪માં ડબલ-એન્જિન સરકારની રચના પછી, બિહારના વિકાસને નવી ગતિ મળી.

તેમણે કહ્યું કે પટણામાં IIT, બોધગયામાં IIM, પટણામાં AIIMs અને દરભંગા AIIMs પર કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. બિહારમાં એક રાષ્ટ્રીય કાયદા યુનિવર્સિટી





પણ છે. પીએમ મોદીના હુમલાનો જવાબ આપતા પ્રિયંકા ગાંધીએ મોતીહારીમાં કહ્યું કે બિહારમાં ત્રણ વર્ષમાં ૨૭ પુલ તૂટી પડ્યા. તેમણે કહ્યું, ‘‘અમે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો છીએ, મહાત્મા ગાંધીએ રસ્તો બતાવ્યો હતો. તમારા પૂર્વજોએ મહાત્મા ગાંધીને આ રસ્તો બતાવ્યો હતો. બિહારના લોકોએ આ દેશમાં તેમની ભૂમિકા સમજવી જોઈએ. તમારે સમજવું જોઈએ કે તમારા પૂર્વજોએ જ આ દેશ બનાવ્યો હતો.‘‘

તેમણે કહ્યું કે જ્યારે અહીં રસ્તા નહોતા, ત્યારે તમારા પૂર્વજો વિશાળ બ્રિટિશ સામ્રાજ્ય સામે લડી રહ્યા હતા. જ્યારે મહાત્મા ગાંધીને આ વાતની ખબર પડી, ત્યારે તેઓ પ્રેરિત થયા અને અહીંથી સત્યાગ્રહ શરૂ કર્યો. યુવાનો સતત પરીક્ષા આપે છે, પરંતુ પેપર વારંવાર લીક થાય છે. પરિણામે, તેમના જીવનના ઘણા વર્ષો પરીક્ષાઓ અને નિમણૂકોની રાહ જોવામાં વેડફાય છે. બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતદાનનો પ્રથમ તબક્કો આજે, ગુરુવારે થઈ રહ્યો છે. લોકો ૧૨૧ મતવિસ્તારોમાં તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. મતદાન વચ્ચે પ્રચાર પણ પૂરજોશમાં ચાલી રહ્યો છે. પીએમ મોદીએ અરરિયામાં રેલી કરી હતી, ત્યારે પ્રિયંકા ગાંધીએ મોતીહારીમાં એક સભાને સંબોધિત કરી હતી.

# નાર્કો-ટેરર ફંડિંગ કેસમાં જમ્મુમાં ૬ સ્થળોએ દરોડા

## સૈફ દિન, ફારૂક અહેમદ નાઇકો અને મુબાશીર મુશ્તાક ફાફુ સહિત અનેક વ્યક્તિઓ નેટવર્કમાં સામેલ




નવીદિલ્હી, તા. ૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ના જમ્મુ સબ-ઝોનલ ઓફિસે ગુરુવારે નાર્કો-ટેરર ફંડિંગ કેસના સંદર્ભમાં જમ્મુમાં છ સ્થળો (બે સ્થળો) અને કાશ્મીરમાં (ચાર સ્થળો) દરોડા પાડ્યા હતા. ભૂતપૂર્વ ધારાસભ્ય અને ભૂતપૂર્વ મંત્રી જતિન્દર સિંહ, જેને બાબુ સિંહ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમના કઠુઆ નિવાસસ્થાનની પણ તપાસ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ૩૦ માર્ચ, ૨૦૨૨ ના રોજ, પોલીસે મોહમ્મદ શરીફ શાહ નામના એક વ્યક્તિને કાશ્મીરથી હવાલા દ્વારા જમ્મુ લઈ જતા સમયે ધરપકડ કરી હતી. આ પૈસા ભૂતપૂર્વ ધારાસભ્ય જતિન્દર સિંહને પહોંચાડવાના હતા અને તેનો ઉપયોગ જમ્મુમાં અલગતાવાદી અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે થવાનો હતો.

તપાસમાં જાણવા મળ્યું છે કે સૈફ દિન, ફારૂક અહેમદ નાઈકો અને મુબાશીર મુશ્તાક ફાફુ સહિત અનેક વ્યક્તિઓ આ સમગ્ર નેટવર્કમાં સામેલ હતા. તેઓ પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓ સાથે મળીને એક નાર્કો-ટેરર મોડ્યુલ ચલાવી રહ્યા હતા જેના દ્વારા ડ્રગ હેરફેરમાંથી મળેલી રકમનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓને ભંડોળ પૂરું પાડવા માટે કરવામાં આવતો હતો. ઊઉ ની તપાસમાં જાણવા મળ્યું કે ફારુક અહેમદ નાઈકો પાકિસ્તાનથી હેરોઈનની દાણચોરી કરતો હતો, અને ૨૦૨૧-૨૨ માં, ભારતમાં તેના વેચાણમાંથી મળેલી રકમ શ્રીનગર બેંક ખાતાઓમાં જમા કરવામાં આવી હતી, જે કુલ ₹૨ કરોડથી વધુ હતી. આ પૈસા પાછળથી દુબઈમાં કામ કરતા ભારતીય નાગરિકોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા જેથી ભંડોળનો સાચો સ્રોત છુપાવી શકાય. દુબઈમાં જમા કરાયેલા આ ગેરકાયદેસર પૈસા પછી પાકિસ્તાન સ્થિત હિઝબુલ મુજાહિદ્દીન આતંકવાદીઓને મોકલવામાં આવ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ નાર્કો-ટેરર ફંડિંગ કેસના સંદર્ભમાં જમ્મુ અને કાશ્મીરમાં છ સ્થળોએ દરોડા પાડ્યા છે. ભૂતપૂર્વ ધારાસભ્ય અને ભૂતપૂર્વ મંત્રી જતિન્દર સિંહ ઉર્ફે બાબુ સિંહના કઠુઆ નિવાસસ્થાનની પણ તપાસ કરવામાં આવી હતી.

## રાજ્યોએ શાળાઓને વંદે માતરમને સમર્પિત કાર્યક્રમોનું આયોજન કરવાનો આપ્યો આદેશ


# વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે ઝુંબેશ શરૂ

નવીદિલ્હી, તા. ૬

ભાજપે વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રવ્યાપી ઉજવણી ઝુંબેશ શરૂ કરી છે. વધુમાં, ઘણા રાજ્યોએ શાળાઓને વંદે માતરમને સમર્પિત કાર્યક્રમોનું આયોજન કરવાનો આદેશ આપ્યો છે. જોકે, આ સરકારના નિર્ણયનો હવે સમાજના એક વર્ગ તરફથી વિરોધ થયો છે. મુત્તાહિદા મજલિસ-એ-ઉલેમા (ખખગ) ના મીરવાઇઝ ઉમર ફારૂકે જણાવ્યું હતું કે ઇસ્લામ અનુસાર વંદે માતરમ ગાવું કે વાંચવું એ બિન-ઇસ્લામિક છે. આ જ કારણ છે કે આ વિરોધ હવે દેશભરમાં ચર્ચાનો વિષય બની ગયો છે. જમ્મુ અને કાશ્મીરમાં વિરોધ પ્રદર્શનો વહીવટીતંત્ર દ્વારા ૭ નવેમ્બરના રોજ વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે તમામ શાળાઓને કાર્યક્રમોનું આયોજન કરવાનો આદેશ જારી કર્યા પછી થયા છે. આ આદેશમાં કાર્યક્રમો ફરજિયાત કરવામાં આવ્યા હતા. ખખગ એ આ મુદ્દે જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ પાસેથી નક્કર કાર્યવાહીની પણ માંગ કરી છે.

વહીવટીતંત્રે આદેશ જારી કર્યા પછી જમ્મુ અને કાશ્મીરમાં વિરોધ પ્રદર્શનો જોવા મળી રહ્યા છે. ખખગ કહે છે કે આવા આદેશથી લોકોને તકલીફ પડી રહી છે. ખખગ એ રાજ્યના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને રાજ્યપાલ મનોજ સિન્હાને પણ આ આદેશ પાછો ખેંચવાની અપીલ કરી છે. તેણે ચેતવણી પણ આપી છે કે જો આવો આદેશ પાછો ખેંચવામાં નહીં આવે તો જમ્મુ અને કાશ્મીરના તમામ ધાર્મિક નેતાઓ ભેગા થશે. વહીવટીતંત્ર આવા કાર્યક્રમો દ્વારા મુસ્લિમ બહુમતીવાળા પ્રદેશ પર હિન્દુ પ્રેરિત વિચારધારા લાદવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ સંપૂર્ણપણે ખોટું છે. મુસ્લિમ વિદ્યાર્થીઓ અથવા સંસ્થાઓને તેમની ધાર્મિક માન્યતાઓ વિરુદ્ધના કાર્યક્રમોમાં ભાગ લેવા દબાણ કરવું તેમની ધાર્મિક માન્યતાઓ વિરુદ્ધ છે.

૧ ઓક્ટોબરના રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય મંત્રીમંડળે દેશભરમાં વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ ઉજવવાનો નિર્ણય લીધો. ભાજપે તેને રાષ્ટ્રીય એકતાનો ઉત્સવ ગણાવ્યો છે, જેના અંતર્ગત સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમો દ્વારા, રાષ્ટ્રગીત, વંદે માતરમનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ લોકો સુધી પહોંચાડવામાં આવશે.




જ્યારે ભાજપ દેશભરમાં વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે, ત્યારે જમ્મુ અને કાશ્મીરમાં ખખગ તેને ‘‘અનઇસ્લામિક‘‘ ગણાવીને વિરોધ કરી રહ્યું છે. શાળાઓમાં તેને રજૂ કરવાના આદેશથી વિવાદ વધુ ઘેરો બન્યો છે. એમએમયુએ રાજ્યપાલને અપીલ કરી છે અને તેને ધાર્મિક લાગણીઓ વિરુદ્ધ ગણાવ્યું છે.

# પહેલગામ જેવો જ હુમલો કરવાની ફિરાકમાં આતંકીઓ

## સપ્ટેમ્બરથી કાશ્મીરમાં આતંકવાદી ઘૂસણખોરી, ડ્રોન સર્વેલન્સ અને સરહદ પારથી લોજિસ્ટિક્સમાં થયો વધારો

નવીદિલ્હી, તા. ૬

એપ્રિલમાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કોઈ ભૂલી શક્યું નથી. આ હુમલા બાદ, ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં અસંખ્ય આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા. જોકે, આતંકવાદી પ્રવૃત્તિઓ હજુ પણ ચાલુ છે. કારણ કે ગુપ્તચર સૂત્રોએ ખુલાસો કર્યો છે કે આતંકવાદીઓ કાશ્મીરમાં પહેલગામ જેવા હુમલાની યોજના બનાવી રહ્યા છે. આ માહિતી સામે આવ્યા પછી સુરક્ષા એજન્સીઓ હાઇ એલર્ટ પર છે. ગુપ્તચર અહેવાલો અનુસાર, સપ્ટેમ્બરથી કાશ્મીરમાં આતંકવાદી ઘૂસણખોરી, ડ્રોન સર્વેલન્સ અને સરહદ પારથી લોજિસ્ટિક્સમાં વધારો થયો છે. લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ (એલઇટી) ના અનેક એકમો એલઓસી દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં પ્રવેશ્યા છે, જેને પાકિસ્તાનની આઇએસઆઇ અને એસએસજીનો ટેકો મળી રહ્યો છે.

આતંકવાદી શમશેર લશ્કર-એ-તૈયબાના એક એકમે હવાઈ દેખરેખ માટે ડ્રોનનો ઉપયોગ કર્યો હોવાના અહેવાલ છે, જેણે આગામી અઠવાડિયામાં સંભવિત આત્મઘાતી હુમલાઓ અથવા હથિયારો છોડવાના સંકેતો શોધી કાઢ્યા છે. પાકિસ્તાનની બોર્ડર એક્શન ટીમ (ઇઅઝ), જેમાં ભૂતપૂર્વ એસએસજી સૈનિકો અને આતંકવાદીઓનો સમાવેશ થાય છે, તેને તૈનાત કરવામાં આવ્યા છે. તેમને સમગ્ર પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ફરીથી તૈનાત કરવામાં આવ્યા છે, જે સરહદ પાર હુમલાઓ માટેની નવી યોજનાઓનો સ્પષ્ટ સંકેત છે. ઓક્ટોબર ૨૦૨૫ માં, જમાત-એ-ઇસ્લામી, હિઝબુલ મુજાહિદ્દીન અને ઈજંઈ ના



અધિકારીઓ ડ્ઝાઉં માં એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભેગા થયા. ઓપરેશન સિંદૂર દરમિયાન થયેલા નુકસાનનો બદલો લેવા માટે સ્લીપર સેલને ફરીથી સક્રિય કરવા, ભૂતપૂર્વ કમાન્ડરોને ભંડોળ પૂરું પાડવા અને ‘‘બદલા લેવાના હુમલા‘‘ શરૂ કરવાની યોજનાઓ બનાવવામાં આવી હતી. ઓપરેશન સિંદૂર પછી આ સૌથી મોટી પ્રવૃત્તિ છે. આ કારણે સુરક્ષા એજન્સીઓને હાઇ એલર્ટ પર રાખવામાં આવી છે. ઓપરેશન સિંદૂરથી થયેલા વિનાશ છતાં, પાકિસ્તાન તેની પ્રવૃત્તિઓ ચાલુ રાખી રહ્યું છે. એપ્રિલમાં પહેલગામ હુમલાની જેમ જ જમ્મુ અને કાશ્મીરમાં એક મોટો આતંકવાદી ખતરો ચેતવણી જારી કરવામાં આવી છે. ગુપ્તચર અહેવાલો અનુસાર, પાકિસ્તાનના ઈજંઈ સમર્થિત લશ્કર-એ-તૈયબા (કયઝ) અને જૈશ-એ-મોહમ્મદ (ઉંયખ) ના આતંકવાદીઓ ડ્રોનનો ઉપયોગ કરીને સરહદ પારથી ઘૂસણખોરી વધારી રહ્યા છે અને આત્મઘાતી હુમલાઓનું આયોજન કરી રહ્યા છે.

# વંદે માતરમ્‌ના જયઘોષ થકી કોટી કોટી વંદન : CM

## ગુજરાતના મુખ્યમંત્રીએ કહ્યું વધુ એક દેશભક્તિનું સ્મરણપર્વ ઉજવવાની રળિયામણી ઘડી : વંદે માતરમ રાષ્ટ્રભક્તિના પ્રાણવાયુ જેવી ઊર્જા ઉત્પન્ન કરે છે

રાજકોટ, તા. ૬

આપણે દેશભક્તિના અભૂતપૂર્વ સમયમાં જીવી રહ્યા છીએ. આઝાદી પહેલાં જે દેશભક્તિનો માહોલ હતો એવો દેશભક્તિનો માહોલ આપણા દેશભક્ત વડાપ્રધાન નરેન્દ્રભાઈ દ્વારા શરૂ કરાયેલ ‘આત્મનિર્ભર ભારત’અને ‘રાષ્ટ્ર પ્રથમ’ જેવા નૂતન અભિયાનની પ્રેરણાથી સર્જાઇ રહ્યો છે. આજે વધુ એક દેશભક્તિનું સ્મરણપર્વ ઉજવવાની ઘડી છે. ઇ.સ. ૧૮૭૫માં લખાયેલું આપણું વંદે માતરમ ગીત ૧૫૦ વર્ષ પૂરા કરી રહ્યું છે. આ ગીત બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજી દ્વારા આનંદમઠ નવલકથામાં પહેલીવાર પ્રકાશિત થયું હતું, પણ આ ગીતે દેશની ચેતનાને જગાવી એના આ સુદીર્ઘ ગાયનકાળમાં જાણે કે રાષ્ટ્રભક્તિના પ્રાણવાયુ જેવી ઊર્જા ઉત્પન્ન કરી.

આ ગીતમાં રહેલી ઉદ્દાત્ત દેશભક્તિ અને ઊર્જા સમગ્ર સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોમવંતી બની રહી. ઇતિહાસકારોનું માનવું છે કે, સ્વાતંત્ર્ય સંગ્રામ હોય કે સ્વદેશી ચળવળ હોય, કે પછી સત્યાગ્રહની તૈયારીઓ હોય, વંદે માતરમ ગવાય એટલે દેશભક્તિનું ઊર્જાવાન વાતાવરણ રચાઈ જતું. આઝાદીની ચળવળ દરમિયાન પણ અનેક નેતાઓ આ ગીતની એક એક પંક્તિને ચરિતાર્થ કરવા માટે પોતાનું જીવન ખપાવી રહ્યા હતા. મહર્ષિ અરવિંદ હોય કે ભગતસિંહ, સૌ દેશભક્તો આ ગીતના ગુંજનમાં પોતાના જીવનની સાર્થકતા જોતા હતા.

આ રાષ્ટ્રીય ગીતની મહાનતા એ છે કે, એ આજે પણ એટલું જ પ્રસ્તુત અને તાજગીભર્યું છે. આધુનિક યુગના લોકનાયક આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે કોઈ સભાને સંબોધવાના હોય ત્યારે શરૂઆતમાં વંદે માતરમ નો જયઘોષ કરાવે , ત્યારે જાણે કે સમગ્ર સભામાં દેશભક્તિનું એક મોજું ફરી વળે છે.

આ ગીત ભારતીયતાની ભાવનાને રજૂ કરે છે, આ દેશની સુજલામ સુફલામ ધરતી અને ભારત માતા પ્રત્યેની ભક્તિ દરેક શબ્દમાંથી નીતરે છે. જ્યારે વંદે માતરમ



ગીત સાંભળીએ ત્યારે માતૃભક્તિનો અને ભારત માતાની આરાધના કરતા હોઈએ એવો ભાવ ઊભો થાય છે. આ ગીતનાં શૌર્ય અને પરાક્રમથી રોમ રોમ જાગી ઊઠે છે.

આપણું સદ્ નસીબ છે કે દેશનું સુકાન જ્યારથી નરેન્દ્રભાઈ મોદીએ સંભાળ્યું છે, ત્યારથી જાણે કે આ વંદે માતરમ ગીતના શબ્દો પુનઃ જાગૃત થઈ ગયા છે. સૌ કોઈને લાગે છે કે આ ગીતમાં રહેલી દેશભક્તિને નરેન્દ્રભાઈએ જાણે મૂર્તિમંત કરી છે, એક ગીતના શબ્દોને રાષ્ટ્રના જીવનમાં કેવી રીતે ઉતારી શકાય એ માટેની પ્રેરણા અને પરિશ્રમ આજે પરિણામો આપી રહ્યા છે.

આઝાદીની લડાઈમાં એ વખતે ‘આનંદમઠ’ નવલકથામાં સંન્યાસીઓના સંઘર્ષની વાત આવતી હતી, આજે નરેન્દ્રભાઈની તપશ્ચર્યા અને ત્યાગ આ ગીતના શબ્દોને જાણે ચરિતાર્થ કરી રહ્યા છે. એ દિવસ યાદ કરો, જ્યારે કાશ્મીરના લાલ ચોકથી નરેન્દ્રભાઈએ ‘ત્વં હિ દુર્ગા..’નો ભાવ સમગ્ર દેશમાં જગાવેલો.

મા ભારતીને ખરા હૃદયથી વંદન એટલે ‘વંદે માતરમ’. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજી દ્વારા રચિત આ ગીત સ્વાતંત્ર્ય સંગ્રામમાં રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રપ્રેમના ઉદ્ ઘોષ સમું બન્યું હતું. આ ગીતનો પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક શબ્દમાંથી વ્યક્ત થતા પ્રત્યેક તેજબિંદુએ સ્વાતંત્ર્ય સેનાનીઓમાં બ્રિટીશ સામ્રાજ્યને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે ઉદ્દીપકનું કાર્ય કર્યું હતું. ઈ.સ. ૧૮૭૫માં લખાયેલા આ ગીતને આ વર્ષે ૧૫૦ વર્ષ પૂરા થઈ રહ્યાં છે, ત્યારે એક વાત ચોક્કસ છે કે, આ માત્ર એક ગીત નથી, માત્ર શબ્દોથી રચિત કોઈ ગાન નથી, પરંતુ ‘વંદે માતરમ’ સાચા અર્થમાં ભારત માતાને વંદન છે, નમન છે.

વંદે માતરમ ગીતની સાર્ધ શતાબ્દી નિમિત્તે ૭ કરોડ ગુજરાતીઓ વતી હું પણ આ ગીતને વંદન કરી મા ભારતી માટેની કૃતજ્ઞતા અને અહોભાવ વ્યક્ત કરું છું. વંદે માતરમના ૧૫૦મા વર્ષને એક વિશેષ વર્ષ તરીકે ઉજવવાનું ‘વિઝન’ આપનાર ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિત્વમાં આ ગીત અસ્ખલિત રીતે વ્યક્ત થાય છે. મોદીજી દ્વારા આપવામાં આવેલ વંદે માતરમ ગીતના ૧૫૦મા વર્ષની ઉજવણીના કાર્યક્રમ થકી મા ભારતીના સંતાનોનું કલ્યાણ થાય, તેઓ ગર્વથી માથું ઊંચું કરી ગૌરવભેર જીવન જીવી શકે તે ભાવના નિહિત છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સીસના દ્વિતીય દિવસે MSME કોન્કલેવ

### રાજકોટમાં આગામી તા. ૮ અને ૯ જાન્યુઆરીના રોજ કચ્છ-સૌરાષ્ટ્ર ઝોનની વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવશે




રાજકોટ, તા. ૬

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો મજબૂત પાયો નાખવામાં આવ્યો હતો. રાજ્યમાં ૧૦ વાઈબ્રન્ટ સમિટના સફળ આયોજન બાદ રાજ્ય સરકારે પ્રથમવાર ગુજરાતના ચાર ઝોનમાં વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સીસનું આયોજન કર્યું છે.

આ આયોજનના ભાગરૂપે રાજકોટમાં આગામી તા. ૮ અને ૯ જાન્યુઆરીના રોજ કચ્છ-સૌરાષ્ટ્ર ઝોનની વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવશે. આ ઝોનમાં કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, મોરબી, ગીર-સોમનાથ, અમરેલી, બોટાદ, ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજકોટ ખાતે યોજાનાર બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ દરમિયાન વિવિધ વિષયો પર સેમિનારો, B2B અને B2G બેઠકો, પ્રદર્શનો વિગેરે વિવિધ આયામી આયોજનો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત કોન્ફરન્સના દ્વિતીય દિવસે એટલે કે, તા. ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ MSME કોન્કલેવનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માહિતીસભર સેમીનારો, પેનલ ડીસ્કશન, એક્ઝીબિશન તથા વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમો પણ યોજવામાં આવશે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય અને પાત્રતા ધરાવતા ખજખઊ એકમો ઉપરોક્ત એવોર્ડ માટે શ્રેણી મુજબ અરજી કરી શકે છે. જે સંદર્ભે વધુ માહિતી માટે સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક કરવાનો રહેશે. ઉદ્યોગ વિભાગ દ્વારા કચ્છ-સૌરાષ્ટ્રના મહત્તમ MSME ઉદ્યોગોને આ કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

### માઇક્રો તથા સ્મોલ એકમોને કુલ પાંચ શ્રેણીમાં એવોર્ડ એનાયત કરાશે

૧. મહિલા ઉદ્યોગ સાહસિક (૫૧ ટકા કે તેથી વધુ મહિલાઓની માલિકી ધરાવતા એકમો)
૨. યુવા ઉદ્યોગ સાહસિક (૩૫ વર્ષથી નાની વયના ઉદ્યોગકારોના એકમો)
૩. અનુસૂચિત જાતિ ઉદ્યોગ સાહસિક
૪. અનુસૂચિત જનજાતિ ઉદ્યોગ સાહસિક
૫. જનરલ કેટેગરી એવોર્ડ (જે ઉદ્યોગકારોનો ઉપરોક્ત દર્શાવેલ ૧ થી ૪ કેટેગરીમાં સમાવેશ થતો નથી તે ઉદ્યોગકારો-એકમો)

### મામલતદાર સમક્ષ ખૂબ મોટી સંખ્યામાં કોંગી આગેવાનો રહ્યા હાજર : સરકાર ખેડૂતોની મજાક ન બનાવે તે અંગે રજૂઆત

# ખેડૂતોને પાક નુકસાન-ધિરાણ માફી આપવા વાંકાનેર કોંગ્રેસે પાઠવ્યું આવેદન

રાજકોટ, તા. ૬

સમગ્ર ગુજરાતમાં હાલ માવઠાની જે અસર જોવા મળી રહી છે તે અસહ્ય છે કારણ કે ખેડૂતોને જે પાક નુકસાની થઈ છે તે અકલ્પનીય છે અને આર્થિક રીતે જાણે ખેડૂત પાઇમાલ થઈ ગયો હોય તેવી સ્થિતિનું નિર્માણ પણ થયું છે. આ અંગે કોંગ્રેસ પાર્ટી ભાજપ ઉપર આક્ષેપ કરી રહી છે કે સમયસર અને પુરતું રાહત પેકેજ જાહેર કરવામાં આવે તે ખૂબ જરૂરી છે નહીં કે ખેડૂતોની મજાક આ બાબતે હાલ કોંગ્રેસ દ્વારા ખેડૂત આક્રોશ યાત્રા શરૂ કરવામાં આવી છે ત્યારે વાંકાનેર ખાતે કોંગ્રેસ પક્ષના આગેવાનો દ્વારા સ્થાનિક પ્રશાસનને રજૂઆત કરવામાં આવી હતી અને ખેડૂતોના નુકસાનીની યોગ્ય ભરપાઈ કરવા માટે પણ જણાવ્યું હતું. કોંગ્રેસ પાર્ટી દ્વારા આ અંગે લેખિત આવેદન પણ આપવામાં આવ્યું હતું

ગુજરાતભરમાં જે રીતે કુદરત જાણે રૂઠી હોય એ રીતે અત્યારે સાર્વત્રીક કમોસમી વરસાદ પડયો છે. જેના કારણે ખેડુતોના મગફળી, કપાસ, કઠોળ વર્ગના પાકો અને





પશુઓના ધાસચારા સહીતના ખરીફ પાકોને ખુબ જ મોટું નુકશાન થયુ છે. ખેડુતોના મોઢામાં આવેલો કોળીયો જાણે છીનવાઈ ગયો છે. એક બાજુ કુદરત રૂઠી છે તો બીજી બાજુ સરકારે ખેડુતોના પાયમાલ કરવાનુ જાણે મન બનાવી લીધું હો તે રીતે ગુજરાતમાં છેલ્લી ૭ સીઝનમાં વાવાઝોડા, અતિવૃષ્ટિ કે કમોસમી વરસાદના ભોગ બનેલા ખેડુતને રાહત પેકેજના માત્ર જાહેરાત કરીને સંતોષ માની લ્યે છે. જયારે વાસ્તવમાં ખેડુતોને ચુકવવાનું થાય ત્યારે કરેલી જાહેરાતના ૩૦ થી ૩૫ ટકા રકમ પણ ખેડુતોને ચુકવવામાં આવતી નથી. ગયા વર્ષ ૨૦૨૪ ના જુલાઈ અને ઓગસ્ટ મહીનામાં અતિવૃષ્ટિ ઓકટોબર ૨૦૨૪ નો કમોસમી વરસાદનો માર ચાલુ વર્ષ સપ્ટેમ્બર મહીનામાં આવેલ અતિવૃષ્ટિ ને અત્યારે કમોસમી વરસાદે ખેડુતોની કમર તોડી નાખી છે. ખેડુતોએ લીધેલ પાક ધિરાણ પણ ભરી શકે તેમ નથી આવનાર શિયાળુ સીઝન માટે વાવેતર કરવા માટે બિયારણ, ખાતર લેવાના પણ રૂપીયા ખેડુતો પાસે નથી. ત્યારે રાજય સરકારે જેમ ગઙઅ સરકારે ખેડુતોના ૭૮૦૦૦ કરોડના દેવા માફ કાર્યાહતા તેવી જ રીતે ગુજરાતના ખેડુતોના દેવા સંપુર્ણપણે માફ કરવામાં આવે, ૨૦૨૦ થી ગુજરાતમાં પાકવીમા યોજના બંધ છે. ને આખા ભારતમાં આ યોજના ચાલુ છે. તો ગુજરાતમાં સરકારી પાકવીમા કંપનીઓ આધારીત પાકવીમા યોજના તાત્કાલીક ચાલુ કરવામાં આવે અને તાત્કાલીક નુકસાનીના વળતર માટે વિશેષ રાહત પેકેજ આપવામાં આવે, ખેડુતોની મગફળીમાં કમોસમી વરસાદના કારણે ભેજનું પ્રમાણ વધારે હશે જ માટે ટેકાના ભાવે ખરીદીના માપદંડોમાં ફેરફાર કરી ભેજ યુક્ત મગફળીની ટેકાના ભાવે ૩૦૦ મણ ખરીદી કરવામાં આવે, ગુજરાતમાં શિયાળુ પાકના સમયે જ અત્યારથી રાસાયણીક ખાતરની અછત વર્તાઈ રહી છે તો ખેડુતોને જોઈએ ત્યારે ખાતર આપવામાં આવે તેવી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીએ માંગ કરી છે. આ આવેદન તાલુકા કોંગ્રેસ સમિતિ વાકાનેરના પ્રમુખ વનરાજભાઈ રાઠોડ, મોહમ્મદ જાવેદ પીરઝાદા, હરદેવસિંહ જાડેજા સહિત ખૂબ મોટી સંખ્યામાં કોંગી આગેવાનો હાજર રહ્યા હતા અને મામલતદારને આવેદન પાઠવ્યું હતું.

# પત્નિ સાથે યુવાનને ચડભડ થતાં કર્યો આપઘાતનો પ્રયાસ

રાજકોટ, તા. ૬

દંપતિ વચ્ચે માથાકુટના બનાવો અવાર-નવાર બનતા હોય છે. દરમિયાન જીલ્લા ગાર્ડન પાસે વસુંધરા એપાર્ટમેન્ટમાં રહેતાં મલયભાઇ ગુણવંતભાઇ શીંગાળા નામના ચાલીસ વર્ષના યુવાને ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે દાખલ કરવામાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

વિગતો મુજબ મલયભાઇ ઘી કાંટા રોડ પર પીક પોઇન્ટ નામની રેડીમેઇડ કપડાની દુકાનમાં નોકરી કરે છે. તેણે વૈશલીબેન સાથે લવમેરેજ કર્યા છે. સંતાનમાં બે દિકરા છે. પોતે એક બહેનથી મોટા છે. પત્નિ સાથે બોલાચાલી થતી હોઇ અને પત્નિ રાતે ઝઘડો કરી માવતરે જતી રહી હોઇ તેના કારણે માઠુ લાગી જતાં આ પગલુ ભર્યાનું સગાએ કહેતાં પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

બીજી ઘટનામાં રેલનગર પેટ્રોલ પંપ સામે રહેતાં એકવીસ વર્ષિય પરિણીતા વિશ્રુતિબેન પ્રતિકભાઇ કારીયાએ માનસિક બિમારીની દવા ચાલુ હોઇ તે વધુ પડતી પી લેતાં તબિયત બગડતાં સારવાર માટે દાખલ કરવામાં આવતાં પ્ર.નગર પોલીસને જાણ કરાઇ હતી. તેણીના લગ્ન અઢી વર્ષ પહેલા થયા છે. પતિ પ્રાઈવેટ નોકરી કરે છે.

### પુત્રે દરવાજો ખોલ્યો ત્યાં પિતા ગળામાં ચુંદડી સાથે લટકતા’તા

# માનસિક બીમારીથી કંટાળી વૃદ્ધે જિંદગી સાથે ફાડ્યો છેડો

રાજકોટ, તા.૬

શહેરના આંબેડકર નગરમાં રહેતા અને જિંદગીના અંતિમ વર્ષો ગાળતા વયોવૃદ્ધે માનસિક બીમારીથી કંટાળી પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા થોરાળા પોલીસે આગળની તપાસ આદરી છે.

આ અંગે મળતી વિગતો મુજબ આંબેડકરનગર શેરી-૮માં રહેતા ૮૦ વર્ષના મનજીભાઈ પીઠાભાઈ ચાવડાએ મકાનના ઉપરના ભાગે પતરાવાળા રૂમમાં બપોરે ગળેફાંસો ખાઈ લીધો હતો. દરમિયાન લાંબો સમય સુધી મનજીભાઈ નીચે ન ઉતરતા તેમના પુત્રએ તપાસ કરતા પિતા મકાનની આડી સાથે ચુંદડી બાંધેલા લટકેલા જોવા મળ્યા હતા. આવા સમયે તેમના પુત્રએ થોડો સમય રાડા રાડ કરી મૂકી હતી અને બધાને ભેગા કર્યા હતા. આ બાબતે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા ઈએમટી સ્નેહભાઈ ભૂતિયાએ, બનાવ સ્થળે પહોંચી મનજીભાઈને જોઈ તપાસીને મૃત જાહેર કર્યા હતા.

બનાવના તપાસની તપાસની પીએસઆઇ એચ. ટી. ઝીંઝાળાએ ’રાજકોટ મિરર’ને જણાવ્યું હતું કે મનજીભાઈ નિવૃત્તિના દિવસો ગાળતા હતા તેમને ડાયાબિટીસનો રોગ લાગી ગયો હતો અને ચિંતામાં ને ચિંતામાં માનસિક બીમાર પણ બની જતા તેમણે આ પગલું ભરી લીધાનું પરિવારજનોએ જણાવ્યું હતું. મનજીભાઈના પગલાથી તેમના એકના એક પુત્ર એ પિતાની છત્રછાયા ગુમાવી છે. ઢળતી ઉંમરે મનજીભાઈ ચાવડાએ ભરેલા પગલાથી પરિવારજનો અને લત્તાવાસીઓમાં શોક સાથે અરેરાટી વ્યાપી છે.

# વંદે માતરમના ૧૫૦ વર્ષની ગુજરાતભરમાં ઉજવણી

## તમામ સરકારી કચેરીઓ તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો સમય હવે ૯:૩૦થી સાંજે ૦૫:૧૦ સુધીનો રહેશે

રાજકોટ તા. ૬

ભારતના રાષ્ટ્રગીત વંદે માતરમના નિર્માણને ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તા. ૦૭ નવેમ્બરના રોજ રાષ્ટ્રવ્યાપી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાષ્ટ્રગીત વંદે માતરમ૧૫૦ની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવશે તેમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં આજે તા.૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રાજ્યની તમામ સરકારી કચેરીઓ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો સમય સવારના ૧૦:૩૦થી સાંજે ૦૬:૧૦ને બદલે સવારના ૯:૩૦થી સાંજે ૦૫:૧૦ સુધીનો રહેશે. આજે સવારે ૯:૩૦ કલાકે તમામ સરકારી અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ હાજર રહીને ‘વંદે માતરમ’ રાષ્ટ્રગીતનું સામૂહિક ગાન કરવાનું રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સચિવાલય, વિધાનસભા પરિસર ખાતે તેમજ પ્રભારીમંત્રીની ઉપસ્થિતિમાં જિલ્લાના મુખ્ય મથક, જિલ્લા પંચાયત પ્રમુખની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત તથા મેયરની ઉપસ્થિતિમાં મહાનગરપાલિકાઓ, જિલ્લા પોલીસ વડાની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ વડાની કચેરી તથા નગરપાલિકા પ્રમુખની ઉપસ્થિતિમાં તમામ નગરપાલિકાઓ ખાતે રાષ્ટ્રગીત ’વંદે માતરમ્’ના મૂળ સ્વરૂપનું સમૂહગાન કરવામાં આવશે તથા રાષ્ટ્રગીતના સમૂહગાન બાદ સ્વદેશીની શપથ લેવાની રહેશે તેમ, વધુમાં જણાવાયું છે.

**સ્વદેશી શપથ**

હું, ભારતમાતાની સેવા અને સન્માન માટે આ સંકલ્પ લઉં છું કે, મારા રોજિંદા જીવનમાં વધુમાં વધુ ભારતીય વસ્તુઓનો ઉપયોગ કરીશ અને આયાતી વસ્તુઓને બદલે વૈકલ્પિક એવી સ્વદેશી વસ્તુઓને જ અપનાવીશ. ઘર, કાર્યસ્થળ અને સમાજમાં ભારતીય વસ્તુઓને પ્રાથમિકતા આપીશ. ગામ, ખેડૂત તથા કારીગરોનું સમર્થન કરી સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપીશ. યુવાનો અને બાળકોને સ્વદેશી અપનાવવા માટે પ્રેરણા આપીને નવી પેઢી સુધી તેનું મહત્વ પહોંચાડવા પ્રયાસરત રહીશ. પારિવારિક અને સામાજિક જીવનમાં ભારતીય ભાષાઓનો પ્રયોગ કરીશ. પર્યાવરણ પ્રત્યે સજાગ રહીને સ્વદેશી અને પ્રકૃતિને અનુકૂળ તેવા ઉત્પાદનોનો ઉપયોગ કરીશ અને દેશનાં પર્યટન સ્થળોને પ્રાથમિકતા આપીશ.



### ગઠીયાઓ એક દિવસ પણ કોરો જવા દેતાં નથીઃ રોજ ઉઠીને સામે આવે નવી ઠગાઈ

# સસ્તા ડોલરની લ્હાયમાં કન્સલ્ટન્ટને લાખોનો ડામ

## ઠગ ત્રિપુટીએ ડોલરની વચ્ચે ભારતીય ચલણની નોટો ઘુસાડી બંડલ ધાબડી દીધુંઃ બીજી વખત સંતના નામે ફ્રોડનો પ્રયાસ કર્યો અને પોલીસે છટકુ ગોઠવી દબોચી લીધા




રાજકોટ, તા. ૬

ગઠીયાગીરીની ઘટના એક દિવસ પણ ન બને તેવુ બનતું જ નથી. વધુ નવી ઠગાઇ સાથે નવા ગામ શહેર પોલીસ સ્ટેશનમાં નોંધ થઇ ચુકી છે. લોન નન્સલટન્ટને સસ્તામાં ડોલર આપવાનું કહી ડોલરના બંડલો વચ્ચે ભારતીય કરન્સીની નોટો ઘુસાડી દઇ પધરાવી દઇ લાખોની ઠગાઇ કરવામાં આવી છે. આ ગઠીયાઓએ એક વખત છેતરપીંડી કરી લીધા પછી બીજી વખત સ્વામિનારાયણ મંદિરના સંતની ઓળખ આપી ફરી ફ્રોડનો પ્રયાસ કર્યો હતો. પોલીસે ઠગ ત્રિપુટીને ઝડપી લેતાં વધુ ચોંકાવનારી વિગતો બહાર આવવાની વકી છે.

વિગતો પર નજર કરીએ તો ઘટના નવસારીની છે. લોન કન્સલ્ટન્સીનું નવસારીમાં કામકાજ કરતા હરસિધ્ધિ ફાઇનાન્સ સંચાલકને સસ્તા ભાવે વિદેશી ચલણ ડોલર આપવા ૧૦૦ના બંડલમાં ઉપર-નીચે ૧૦૦ ડોલરની ચલણી નોટો રાખીને વચ્ચે બાકીની માત્ર ૧ ડોલરની નોટો રાખીને રૂ.૪.૫૦ લાખની ઠગાઈ કરનાર ટોળકીના ત્રણ આરોપીઓને ગોઠવાયેલા છટકા મુજબ નંદેસરી પોલીસે અલ્ટો કાર સાથે ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રોએ કહ્યું હતું કે નવસારીના ધરમપુર ખાતે રહેતા પાર્થ જયસિંહ પરમાર જે સત્યાવીસ વર્ષના છે તે હરસિધ્ધિ ફાઇનાન્સના નામે લોન કન્સલ્ટન્સી ચલાવે છે. આ લોન કન્સલ્ટન્ટ તેની ઓફિસમાં હતો ત્યારે મોબાઈલ પર મેસેજ આવ્યો હતો જેમાં યુએસ ચલણના ડોલર વેચાણ કરી આપવા બાબતે વાતચીત કરી હતી.

જેમાં સો ડોલરની બે નોટનો સોદો નક્કી કર્યો હતો. નક્કી થયા મુજબ તારાપુર ચોકડી નજીક પીપળાવ ગામ પાસે મંદિર નજીક ગોઠવાયેલી મુલાકાતમાં સોડોલરની બે નોટની અવેજીમાં રૂપિયા દસ હજાર લેખે રોકડા ચૂકવી દીધા હતા. ત્યારબાદ ફરીવાર સો ડોલરનું બંડલ જેમાં સો નંગ નોટ છે તે અંગે અવેજીમાં રૂપિયા સાડા ચાર લાખ આપવાનું નક્કી થયું હતું. જેથી લોન કન્સલ્ટન્ટ અને તેના બે મિત્રો સાથે નિયત સ્થળે પીપળાવ ગામે નક્કી થયેલી જગ્યાએ જઈને કાળા રંગના પ્લાસ્ટિકની થેલીમાં ડોલરનું સોનું બંડલ આપીને બીજા હાથે લોન કન્સલ્ટન્ટે રૂપિયા ચાર લાખ પચાસ હજાર રોકડા ચૂકવ્યા હતા. નાણા લઈને ગઠિયો ઝાડી ઝાખરામાં નીકળી ગયો હતો.

પરંતુ નોન કન્સલ્ટન્ટે તપાસ કરતા સો ડોલરના બંડલમાં ઉપર નીચે સો ડોલરની નોટો હતી. જ્યારે વચ્ચેની પ્રત્યેક નોટ માત્ર એક ડોલર જણાઈ હતી. પરિણામે લોન કન્સલ્ટન્ટને પોતાની સાથે ઠગાઈ થયાનો અહેસાસ થયો હતો. દરમિયાન ફરીથી ગઠીયાનો ફરી એક વખત મોબાઈલ પર મેસેજ આવ્યો હતોઅને ડોલર સસ્તા ભાવે વેચાણ કરવાનું બહાનું બતાવ્યું હતું. આ મેસેજ કરનાર વ્યક્તિએ પોતાની ઓળખાણ સ્વામિ નારાયણ સંપ્રદાયના સંત તરીકે આપી તેમનું મંદિર દાહોદ ગોધરા એમ.પી. બોર્ડર પર હોવાનું જણાવ્યું હતું. તેમજ સો ડોલરની માત્ર બે નોટ હોવાનુંગઠિયાએ કહ્યું હતું. જેથી લોન કન્સલ્ટન્ટ તેના બે મિત્રો સાથે નિયત કરેલી જગ્યાએ સાકરદા ગામ પાસે ગઠીયા સાથે મુલાકાત થઈ હતી.

જોકે લોન કન્સલ્ટન્ટ મિત્રો અને નંદેસરી પોલીસ સ્ટેશનના કર્મીઓ સાથે સાદા ડ્રેસમાં સાકરદા ગામ નજીક પહોંચ્યા હતા. જ્યાં અગાઉથી ગોઠવેલા છટકા મુજબ પોલીસે ડોલર વેચાણના બહાને અગાઉ ઠગાઈ કરનાર ટોળકીને દબોચી લીધી હતી. ત્યારબાદ પોલીસે ટોળકીના અમિત ગોવિંદ તળપદા, જીગ્નેશ કિરીટ તળપદા અને મુકેશ કનુભાઈ તળપદાની અટકાયત કરીને નંદેસરી પોલીસ મથકે ત્રણેયને લઈ આવ્યા હતા જ્યાં તમામની પૂછપરછ કરીને પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### આપઘાત, અપમૃત્યુની કરૂણ ઘટનાઓનો સિલસિલો પાંચ પરિવારને આપી ગયો આઘાત

# ઝેર પીધા જાણી જાણીઃ યુવાન અને આધેડે આપી દીધો જીવ

## એકવીસ વર્ષના યુવાન અને છેતાલી વર્ષના આધેડની આત્મહત્યાઃ એક મજૂરનું બીજા માળે કામ કરતી વખતે પટકાતા, રિક્ષાચાલકનું રિક્ષામાં બેભાન થઇ જતાં અને યુવાનનું ઘરે બેભાન થઇ જતાં મોત : વૃધ્ધની જિંદગીની સફરનો બસ સ્ટેશનમાં આવ્યો અંત



રાજકોટ, તા. ૬

મહામુલી જિંદગીની ઘણા લોકો અલગ અલગ કારણોસર કે ઘણીવાર અકળ કારણોસર ખતમ કરી નાખતા હોય છે. આપઘાત, અપમૃત્યુની સતત બની રહેલી ઘટનાઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો છે. એકવીસ વર્ષના યુવાન અને છેતાલીસ વર્ષના આધેડે ઝેર પી જિંદગીથી છેડો ફાડી લીધો છે. આ બંનેએ પગલુ ભર્યા બાદ રાજકોટની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતાં. અપમૃત્યુના અન્ય બનાવમાં સાઇટ પર કામ કરતી વખતે બીજા માળેથી પટકાતાં ચોવીસ વર્ષના મજૂરનું મોત થયું હતું. જ્યારે ત્રીજા બનાવમાં રિક્ષામાંથી પડી જતાં યુવાનનું મોત થયું હતું. ચોથા બનાવમાં એક યુવાનનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. જ્યારે એક વૃધ્ધ બસ પોર્ટમાં ઢળી પડતાં જિંદગીની સફરનો અંત આવી ગયો હતો.

આપઘાતની ઘટનાઓ પર નજર કરીએ તો ઉપલેટા તાબેના કુંઢેચ ગામે રહી ખેત મજૂરી કરતાં ૨૧ વર્ષના યુવાને ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. કુંઢેચ ગામે આવેલી મહેન્દ્રભાઇ ગોવિંદભાઇ ડાંગરની વાડીમાં પરિવાર સાથે રહી ખેત મજૂરી કરતો જીગર ઉર્ફ જગદીશ કનુભાઇ રાઠવા નામનો એકવસી વર્ષનો યુવાન વાડીએ હતો ત્યારે ઝેરી દવા પી જતાં ઉપલેટા સારવાર અપાવી ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોત થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. આપઘાત કરનાર જીગર ઉર્ફ જગદીશ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. તે મુળ છોટાઉદેપુર કંવાટનો વતની હતો. તેણે ઝેર શા માટે પીધું તે અંગે પરિવારજનો અજાણ હોઇ પાટણવાવ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

બીજા બનાવ પર નજર કરીએ તો જામજોધપુરના સતાપર ગામમાં રહેતાં આધેડે વાડીએ ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. અહિ મૃત્યુ થયું હતું. જામજોધપુરના સતાપર ગામમાં રહેતાં અમિતભાઇ કરસનભાઇ નકુમ નામના છેતાલીસ વર્ષના આધેડએ વાડીએ સાંજના સમયે ઝેરી દવા પી લેતાં જામજોધપુર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ગત સાંજે તેમનું મોત થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જામજોધપુર પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનારા અમિતભાઇ ચાર ભાઇમાં ત્રીજા અને અપરિણીત હતાં. તેઓ ખેત મજૂરી કરતાં હતાં. માનસિક તકલીફ હોવાને કારણે આ પગલુ ભર્યાનું સ્વજને જણાવ્યું હતું.

ત્રીજી ઘટના જોઇએ તો અટીકા ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં રહેતાં નરેશભાઇ જોગીન્દરભાઇ પાસવાન નામના આડત્રીસ વર્ષના યુવાન બેભાન થઇ જતાં મોત થયું હતું. બનાવની જાણ થતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. ચોથા બનાવમાં દૂધસાગર રોડ પર આવેલી ભગવતી સોસાયટીમાં રહેતાં નઇમભાઇ રઝાકભાઇ સમા નામના આડત્રીસ વર્ષના યુવાન રિક્ષા લઇને ભાવનગર રોડ આઇટીઆઇ પાસે ઉભા હતાં ત્યારે એકાએક ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થયું હતું.

પાંચમા બનાવમાં દિવના ગુચરવાડા ગામના કરસનભાઇ સોમાભાઇ ગુહ્લા નામના બાંસઠ વર્ષના વૃધ્ધ રાજકોટ બસ પોર્ટમાં હતાં ત્યારે બેભાન થઇ ઢળી પડતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ડોક્ટરે મૃત જાહેર કર્યા હતાં. તેઓ રાજકોટ પગની બિમારીની સારવાર માટે આવ્યા હતાં. ખેતી કરીગુજરાન ચલાવતાં હતાં. બસ પોર્ટમાં પહોંચી બસની સફર ચાલુ કરે એ પહેલા જિંદગીની સફર ખતમ થઇ ગઇ હતી. આમ વધુ પાંચ ઘટનાઓ અલગ અલગ પરિવારોને કારમો આઘાત આપી ગઇ હતી.

### બસ સ્ટેશન આસપાસથી જ તોડ માટે શિકાર શોધવાની આદત ધરાવતો પોપટપરાનો શખ્સ સુધરતો જ નથી

# પોલીસનો 'ખેલ' ખેલતા મિહીરનો વધૂ એક 'તોડ'!

## સરધારના દવા કંપનીના કર્મચારીને જ્યુબીલી પાસે આંતરી તમે બસ સ્ટેશન પાસે છોકરી સાથે ખોટુ કર્યુ છે, હું પોલીસ છું કહી લાફા મારી પંચાણુ હજાર પડાવ્યાઃ ભોગ બનનારે અખબારમાં તોડબાજના ફોટા સાથે ન્યુઝ જોયા બાદ ફરિયાદ નોંધાવીઃ જેલમાંથી કબ્જો લઇ થશે કાર્યવાહી



**'નકલી' પોલીસને આ વખતે અસલી પોલીસ 'ખાખી'નો અસલી રંગ બતાવે તે જરૂરી નથી લાગતું?!**

રાજકોટ, તા. ૬

અસલી પોલીસનો જેને લગરીકેય ડર નથી એ પોપટપરાના રીઢા મિહીરના એક પછી એક કારસ્તાન ખુલતા રહે છે. નકલી પોલીસ બનીને તોડ લૂંટ કરવામાં ફાવટ આવી ગઇ હોઇ આ શખ્સ તાજેતરના ભક્તિનગરના અવા ગુનામાં જેલમાં ગયો છે. ત્યાં તેનો વધુ એક આવો ગુનો પાપ છાપરે ચડ્યું છે. ટ્રાન્સપોર્ટરને ઢેબર રોડ પર પોલીસના નામે લુંટ્યા પહેલા તેણે ચાર દિવસ અગાઉ જ્યુબીલી ચોકમાં સરધારના દવાની કંપનીના કર્મચારીને પણ બસ સ્ટેશન પાસે તમે છોકરી સાથે ખોટા કામ કરો છો કહી લાફા મારી પંચાણુ હજાર લૂંટી લીધાનું સામે આવતાં નવો ગુનો દાખલ થયો છે. અગાઉ આવા પાંચ સહિત છ ગુના આચરી ચુકેલા આ શખ્સના નામે નવો ગુનો ચડી ગયો છે. હવે તેનો જેલમાંથી પોલીસ કબ્જો લઇ કાર્યવાહી કરશે.

વિગતો પર નજર કરીએ તો શહેરના પોપટપરામાં રહેતાં અને વારેઘડીએ છાસવારે ડુપ્લીકેટ પોલીસ બની તોડ, લૂંટ કરનારા શખ્સને અસલી પોલીસનો ડર જ ન હોય તેમ સતત આવા ગુના કરતો રહે છે. વધુ એક ગુનો સામે આવ્યો છે જેમાં આ શખ્સે સરધાર રહેતાં દવાના કંપનીના કર્મચારીને જ્યુબીલી બાગ ચોકમાં આંતરી પોલીસની ઓળખ આપી 'તું બસ સ્ટેશન પાસે છોકરી સાથે ખોટા કામ કરવા આવે છે, પોલીસ સ્ટેશને આવવું પડશે' કહી લાફા મારી થેલો ચેક કરી પંચાણુ હજાર લૂંટી લીધા હતાં. તાજેતરમાં ઢબર રોડ નાગરિક બેંક ચોકમાં ટ્રાન્સપોર્ટરને આંતરી તારા પરગુનો છે, ટાંટીયા ભાંગી નાખવા છે કહી પોલીસના નામે ડરાવી વીસ હજાર પડાવવાના ગુનામાં પકડાઈને જેલહવાલે થયેલા આ શખ્સ સામે વધુ એક આવો ગુનો નોંધાયો હતો. ટ્રાન્સપોર્ટરનો તોડ કર્યો એના ચાર દિવસ પહેલા તેણે બસ સ્ટેશનથી રિક્ષામાં બેસી જંકશન રેલ્વે સ્ટેશને જઇ રહેલા સરધારના યુવાનને લૂંટી લીધાનું સામે આવ્યું છે.

જો કે જે તે વખતે સરધારના યુવાન અમદાવાદ ઇન્ટરવ્યુ આપવા જતાં હોઇ ટ્રેનમાં બેસી રવાના થઇ ગયા હતાં. બાદમાં તેમણે છાપામાં નકલી પોલીસ ઝડપાયો તેના સમાચાર વાંચતા અને આરોપીનો ફોટો પણ જોતાં આ શખ્સ પોતાને પણ પોલીસના નામે લૂંટી ગયાનું જણાતાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે સરધાર ગામ શાંતિનગર વૃંદાવન સોસાયટી ઘર નં. ૪માં રહેતાં જીજ્ઞેશભાઇ કિરીટભાઇ વ્યાસ નામના તેતાલીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી પોપટપરા રામજી મંદિર પાસે શેરી નં.૫મા મિહીર ભાનુભાઇ કુગશીયા સામે ગુનો નોંધ્યો છે. તાજેતરના ગુનામાં મિહીર જેલમાં હોઇ તેનો જેલમાંથી કબ્જો લેવા કાર્યવાહી શરૂ કરી છે.

જીજ્ઞેશભાઇ વ્યાસ દવાની કંપનીમાં નોકરી કરે છે. તેણે જણાવ્યું છે કે ગત ત્રીસ ઓક્ટોબરના રોજ અમદાવાદ ખાતે ફાર્મા કંપનીમાં મારે ઇન્ટરવ્યું હોઇ જેથી સાંજે પાંચેક વાગ્યે સરધારથી અમદાવાદ જવા સરકારી બસમાં બેઠો હતો. સાંજે સાડા છએક વાગ્યે હું રાજકોટ એસટી બસ સ્ટેશનમાં ઉતર્યો હતો. રાજકોટથી ટ્રેનમાં બેસી અમદાવાદ જવાનું હોઇ બસ સ્ટેશન પાસેથી ઓટો રિક્ષામાં બેઠો હતો. મારી પાસે એક થેલો હતો. જ્યુબલી ચાર રસ્તા ચોકમાં પહોંચતા એક શખ્સ સફેદ રંગનું મોપેડ લઇને આવ્યો હતો અને રિક્ષા ઉભી રખાવી હતી. આ શખ્સે મને કહેલુ કે-હું પોલીસમાં છું, તમે બસ સ્ટેશન પાસે છોકરી સાથે ખોટા કામ કરવા આવ્યા હતાં, તમારે પોલીસ સ્ટેશને આવવું પડશે તેમ કહેતાં મેં કહેલુ કે મેં કોઇ ખોટા કામ કર્યા નથી.

આથી એ શખ્સ ખુબ જ ઉશ્કેરાઇ ગયો હતો અને મને ગાલ પર આડેધડ ફડાકા મારી દીધા હતાં. તેમજ મારો થેલો ચેક કર્યો હતો. થેલામાં રૂા. ૯૫ હજાર રોકડા હતાં. તેણે આ રકમ બળજબરીથી મારી પાસેથી પડાવી લીધી હતી. બાદમાં તે નંબર પલેટ વગરના ટુવ્હીરલમાં મને બેસાડીને રેલ્વે સ્ટેશન પાસે લઇ ગયો હતો. એ પછી તેણે મને ઉતારીને- હવે પછી બસ સ્ટેશન પાસે ખરાબ કામ કરવા ક્યારેય આવતો નહિ તેમ કહી જતો રહ્યો હતો. મારે ઇન્ટરવ્યું પહોંચવું ફરજીયાત હોઇ હું અમદાવાદ ગયો હતો. બાદમાં ૩/૧૧ના રોજ સરધાર પરત આવ્યો હતો.

ત્યારબાદ ચોથી તારીખે મેં છાપામાં સમાચાર વાંચ્યા હતાં કે રાજકોટમાં ક્રાઇમ બ્રાંચના નામે વીસ હજારનો તોડ કરનારા શખ્સ કે જેનું નામ મિહીર કુગશીયા છે તેને માલવીયાનગર પોલીસે પકડ્યો છે. મિહીરનો ફોટો પણ આ ન્યુઝ સાથે હોઇ હું તેને ઓળખી ગયો હતો અને પોલીસને જાણ કરી હતી. આ શખ્સ મને પોલીસના નામે ડરાવી બસ સ્ટેશન પાસે ખોટા કામ કરો છો તેમક હી લાફા મારી પંચાણુ હજાર લૂંટી ગયો હતો. જેથી મેં ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં જીજ્ઞેશભાઇએ કહેતાં એ-ડિવીઝનના ઇન્સ. બી. વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ એએસઆઇ આર. જી. ચૌહાણે ગુનો દાખલ કર્યો છે. જેલમાંથી કબ્જો લઇ વધુ કાર્યવાહી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરના ભક્તિનગર પોલીસના ગુનામાં મિહીરને માલવીયાનગર પોલીસે પકડ્યો હતો. ત્યારે તેણે બરકતીનગરના ટ્રાન્સપોર્ટર સમીરભાઇ ગુણુભાઇ મુલતાનીને બસ સ્ટેશનથી રિક્ષામાં બેસી કોઠારીયા તરફ જવા નીકળ્યા ત્યારે નાગરિક બેંક ચોકમાં ઉભા રાખી રિક્ષાવાળાને ભગાડી મુકી ટ્રાન્સપોર્ટરને એલસીબી ક્રાઇમ પોલીસના નામે ડરાવી તારા પર ગુનો છે પોલીસ સ્ટેશને આવવું પડશે તેમ કહી ડરાવી વીસ હજાર પડાવ્યા હતાં. આ ગુનો તેણે ત્રીજી નવેમ્બરના રોજ આચર્યો હતો. એ પહેલા ત્રીસ ઓક્ટોબરના રોજ તેણે સરધારના જીજ્ઞેશભાઇને જ્યુબીલી ચોકમાં રિક્ષા સાથે આંતરી રિક્ષામાંથી ઉતારી લાફા મારી ૯૫ હજાર પડાવ લીધા હતાં. ભક્તિનગરનો ગુનો ડિટેક્ટ થયા બાદ જીજ્ઞેશભાઇએ સમાધારમાં મિહીરનો ફોટો જોઇ ઓળખી જઇ ફરિયાદ નોંધાવી હતી. સતત એક જ પ્રકારના એટલે કે નકલી પોલીસ બનીને તોડ કરવાના ગુના આચરતા મિહીરનું કાર્યક્ષેત્ર મોટે ભાગે એસટી બસ સ્ટેશન આસપાસનું રહ્યું છે. બેધડક તે નકલી પોલીસ બની જાય છે અને લૂંટ ચલાવી લે છે. અસલી પોલીસ આ વખતે તેને ખાખીનો અસલી રંગ બતાવે તે જરૂરી નથી જણાઇ રહ્યું?!

### ઓનલાઇન ફ્રોડની અફાટ દુનિયામાં બની ગયા વધુ બે લોકો શિકાર

# શેરમાં કમાવવા જતાં સલૂન સંચાલકે ગુમાવ્યા નાણા

## ગઠીયાએ મોટા વળતરની લાલચ આપી ધૂંબો દઇ દીધોઃ ટ્રેડીંગના નામે એક કરોડની ઠગાઈમાં ત્રણને પકડી લેવામાં પોલીસ થઇ સફળ




રાજકોટ, તા. ૬

ઓનલાઇન અને ઓફલાઇન ફ્રોડની અફાટ દુનિયામાં ગઠીયાઓ કોને ક્યારે કેવી રીતે શિકાર બનાવે તે કહેવું મુશ્કેલ છે. પણ એટલુ ચોક્કસ છે કે ગઠીયાઓ સૌથી વધુ ફ્રોડ શેર બજારમાં રોકાણના નામે, ઓનલાઇન ટ્રેડીંગના નામે કરી રહ્યા છે. આ વાતને સૌ કોઈ લોકો જાણે પણ છે. આમ છતાં ગઠીયાઓની લાલચનું ગાજર ખાઇ જાય છે અને પછી લાખો કરોડો ગુમાવી દે છે. બે વધુ આવી ઘટનાઓ સામે આવી ગઇ છે. જેમાં સલૂન સંચાલકને શેર બજારમાં કમાણી કરાવી આપવાના નામે ગઠીયો ચાર લાખનો ચૂનો લગાવી ગયો છે. બીજા બનાવમાં ગોલ્ડમાં ઓનલાઇન ટ્રેડીંગ કરવાનું કહી આધેડને એક કરોડ દસ લાખનો ડામ અપાયો છે. જો કે આ કિસ્સામાં ત્રણ ગઠીયા પોલીસના હાથે આવી ગયા છે.

વિગતો પર નજર કરીએ તો ઠગાઇના અન્ય એક બનાવમાંગાંધીનગર શહેર નજીક સરગાસણમાં સલૂનની દુકાન ચલાવતા સેક્ટર-તેરના રહીશને દુકાને આવતા ગ્રાહકે શેર બજારમાં રોકાણની લાલચ આપીને ત્રણ લાખ એકોતેર હજાર રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ઘટના બહાર આવી છે. જે સંદર્ભે રાયસણમાં રહેતા શખ્સ સામે ગુનો દાખલ કરવામાં આવ્યા હતો. હાલમાં પરિચિત વ્યક્તિઓ દ્વારા જ વિશ્વાસ કેળવીને લાખો કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવતી હોય છે ત્યારે આ વખતે ગાંધીનગર શહેરના સેક્ટર તેર-બી પુષ્પક એપાર્ટમેન્ટમાં રહેતા અને સરગાસણ સાર્થક મોલમાં કમલ હેર સ્ટુડિયો ચલાવતા વેપારી કમલભાઈ અમૃતભાઈ કલોલા સાથે છેતરપિંડીની ઘટના બની છે. વધુ માહિતી આપતા પોલીસે કહ્યું કે તેમની દુકાનમાં છેલ્લા ઘણા સમયથી રાયસણમાં સાર્થક હેવન વસાહત ખાતે રહેતો સુમિત હસમુખભાઈ કલાલ આવતો હતો અને તે શેર બજારમાં ટ્રેડિંગનું કરતો હતો.

આ ઉપરાંત પીક્યુબેટ ફાયનાન્સીયલ સર્વીસીસમાં બ્રોકર હોવાનું કહીને તેમાં સારો નફો મળતો હોવાની તેમની સાથે વાત કરતો હતો. એટલું જ નહીં તેણે કમલભાઈને પણ શેર બજારમાં રોકાણ કરવા માટે લાલચ આપી હતી અને તેની સામે સારૂ એવું વળતર આપવાની બાંહેધરી પણ આપી હતી. જેથી તેના વિશ્વાસમાં આવી ગયેલા કમલભાઈએ ત્રણ લાખ એકવીસ રૂપિયા ઓનલાઇન ટ્રાન્સફર કર્યા હતા અને તેમની બહેન વર્ષાબેન રાકેશકુમાર પારેખના પણ એક લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. કુલ ચાર લાખ એકવી સરૂપિયા જેટલી રકમ આપવામાં આવી હતી પરંતુ જોકે નફા પેટે તબક્કાવાર પચાસ હજાર રૂપિયા પાછા આપ્યા હતા પરંતુ તેમણે તપાસ કરતા તેમના નામે કોઈ જાતનું રોકાણ કરવામાં નહીં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું અને ત્યારબાદ તેને ફોન કરતા ફોન પણ બંધ આવતો હતો. જેથી તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ તથા ઇન્ફોસીટી પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી હતી.

બીજી ઘટના જોઇએ તો ભાવનગર શહેરના ચિત્રા વિસ્તારમાં રહેતા આધેડને ગોલ્ડમા ઓનલાઇન ટ્રેડીગ કરવાનુ કહીને રોકાણની લાલચ આપી એક કરોડ દસ લાખની છેતરપિંડી આચરનાર વધુ ત્રણ શખ્સને સાયબર ક્રાઈમ પોલીસ ઝડપી લઈ બે દિવસના રિમાન્ડ મેળવી મુળ સુધી પહોંચવા મથામણ શરૂ કરી હતી. ચિત્રા જીઆઈડીસી કવાર્ટર બી/૯.માં રહેતા અને ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા યોગેન્દ્રસિંહ અરવિંદસિંહ ગોહિલ આરોપીએ ગોલ્ડમા ઓનલાઇન ટ્રેડીગ કરવાનુ કહીને રોકાણ કરવાથી રોજે-રોજ ૦.૬ થી ૧ સુધી યુએસડીટીમા પ્રોફીટ મળશે. તેમ જણાવી વિશ્વાસમાં લઇ કોમ્પ્યુટર સંસાધન અથવા કોમ્યુનિકેશન સાધનની મદદથી યોગેન્દ્રસિંહનું એકાઉન્ટ બનાવડાવી ગોલ્ડ ટ્રેડીંગમા રોકાણના નામે ઉપરોક્ત બતાવેલ લીંકમા જણાવેલ બેંક એકાઉન્ટમાં મોકલવાનુ કહી કુલ રૂા.એક કરોડ દસ લાખ પચાસ હજાર નું સાયબર ફ્રોડ કરી રકમ અલગ અલગ બેંક એકાઉન્ટમાં મેળવી લઇ ફરીયાદી સાથે છેતરપીંડી-વિશ્વાસઘાત કર્યા હતો.

આ ગુન્હામા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા કુલદિપસિંહ વનરાજસિંહ પુવારને ઝડપી લેવામાં આવ્યો હતો.જ્યારે જાબીરહુસૈન જાકિરહુસૈન મલેક, સમીરમીયા ઉર્ફે અરમાન સીદીકમીયા મલેક, અફઝલ યાસીનભાઇ વ્હોરાને જે આણંદ અને પેટલાદના છે તેને પણ ઝડપી લઇ કોર્ટમાં રજૂ કરાતાં રિમાન્ડ મળતાં પોલીસ ઇનસ. એન. એમ. તલાટીએ કારસ્તાનના મુળ સુધી પહોંચવા તપાસ આગળ ધપાવી છે. લાલચની જાળમાં ફસાઇને રોજેરોજ લોકો લાખો કરોડો ગુમાવી રહ્યા છે. આમ છતાં લોકો જાગૃત થતાં ન હોવાથી ગઠીયાઓ સરળતાથી તેમને શિકાર બનાવી લેતાં હોય છે અને બેંક ખાતા સફાચટ કરી નાંખતા હોય છે.

### ગામના ગરીયા ન ફેરવે ત્યાં સુધી ગઠીયાઓને નથી આવતી ઉંઘ

# ગોલ્ડમાં રોકાણના નામે વેપારીએ ગુમાવ્યા સાડા છ કરોડ

## ફ્રોડની બીજી ઘટનામાં વૃધ્ધ ખેડુતનું ડુપ્લીકેટ આધારકાર્ડ બનાવી જમીન હડપી જવાઇ

રાજકોટ, તા. ૬

છેતરપીંડીની નવી નવી ઘટનાઓ રોજે રોજ કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં દાખલ થાય છે. વધુ આવા બે બનાવો બન્યા છે. જેમાં સોનામાં-ગોલ્ડમાં રોકાણ કરી કમાણી કરવાના નામે સોની વેપારીને ગઠીયાઓએ પાંચ કરોડ અડસઠ લાખનો ચૂનો લગાવી દીધો છે. બીજી ઘટનામાં એક વૃધ્ધ ખેડતું ખોટુ આધારકાર્ડ બનાવી ઠગ ત્રિપુટીએ જમીન હડપી લીધી હતી.

ફ્રોડની પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદના વેપારીને ગોલ્ડમાં ઇન્વેસ્ટમેન્ટ કરવાનું જણાવી બે શખ્સોએ વેપારી પાસેથી ૭.૮૮ કરોડ રૂપિયા મેળવ્યા હતા. જોકે પૈસા કે નફો પરત ન આપતા વેપારીએ પોલીસ ફરિયાદની ધમકી આપી હતી જેથી વેપારીને ૨.૨૦ કરોડ પરત આપ્યા હતા. પરંતુ બાકીના ૫.૬૮ કરોડ પરત ન આપીને છેતરપિંડી કરતા વેપારીએ પાંચ શખ્સો સામે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કહ્યું હતું કે ચાંદખેડામાં રહેતા રુચિત મહેતા એગ્રીકલ્ચરનો ટ્રેડિંગ વેપાર કરે છે. રૂચિતભાઈને એગ્રીકલ્ચર સિવાય બીજા ધંધો ચાલુ કરવાનો હોવાથી તેમણે તેમના સીએ આકાશ સોનીને વાતચીત કરી હતી.આકાશ સોનીએ તેમનો સંપર્ક ધર્મેન્દ્ર પરંતુ નામના વ્યક્તિ સાથે કરાવ્યો હતો.

બાદમાં ધર્મેન્દ્રએ રૂચિત ભાઈ ને જણાવ્યું હતું કે હાર્ડમાં ગોલ્ડ લે વેચમાં ખૂબ જ -ોફિટ છે.તેમાં રોકાણ કરી શકાય.તેમ કહીને ધર્મેન્દ્ર રૂચિતભાઈનો સંપર્ક રાહુલ ગુપ્તા સાથે કરાવ્યો હતો.ધર્મેન્દ્રની વાતોમાં આવી અને તેના કહેવાથી રુચિત ભાઈએ તેમના બેંક એકાઉન્ટમાંથી જુદા જુદા આરટીજીએસ દ્વારા ૨.૯૫ કરોડ રૂપિયા રાહુલ ગુપ્તાની ઓમકાર એન્ટરપ્રાઇઝના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. રૂચિતભાઈના મિત્ર વર્તુળના લોકોએ પણ ભેગા મળીને ૪.૯૨ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.પૈસા ટ્રાન્સફર કર્યા બાદ ધર્મેશ અને રાહુલે જણાવ્યું હતું કે તેઓ ગોલ્ડની ખરીદી કરીને રાખશે અને તેના ટ્રાન્જેક્શનની વિગત મોકલી આપશે. ગોલ્ડનો રેટ જ્યારે વધશે ત્યારે તેનું ટ્રેડિંગ કરીને પ્રોફિટ સાથેની રકમ પરત આપશે.

ત્યારબાદ થોડા સમય સુધી ઇન્વેસ્ટમેન્ટ કે નફાની રકમ ના આપતા રુચિતભાઈએ ધર્મેન્દ્રનો




સંપર્ક કર્યો હતો.ત્યારે ધર્મેન્દ્રએ જણાવ્યું હતું કે, રાહુલ ક્યાંક બહાર ગયો છે અને તેનો ફોન પણ લાગતો નથી. આમ ધર્મેન્દ્ર અલગ અલગ બહાના બતાવતો હતો.થોડા સમય બાદ રાહુલ રુચિતભાઇ પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે રોકાણ માટે આપેલા પૈસા તેણે પોતાના સ્વાર્થમાં ખર્ચી નાખ્યા છે.જેથી રૂચિતભાઈએ પોલીસ ફરિયાદનું કહેતા રાહુલ ગુપ્તાએ ઓળખીતા શ્લેષ પાસે રૂચિતભાઈને લઈ ગયો હતો અને રાહુલ વિરુદ્ધ કોઈ ફરિયાદ ના કરવાનું કહીને ધીરે ધીરે રોકાણ માટે આપેલી રકમ પરત આપવાનું જણાવ્યું હતું.રાહુલ ગુપ્તાના આંગડિયામાંથી ૧.૭૦ કરોડની રકમ રુચિતભાઈને આપી હતી.

આ ઉપરાંત પચાસ લાખની દુકાન પણ આપી હતી.બાકીની પાંચ કરોડ અડસઠ લાખની રકમ પરત આપવાની વાત કરી હતી પરંતુ પરત આપી ન્હોતી.બાકીની રકમ ધર્મેન્દ્ર અને રાહુલે મળીને ભાગ્યેશ,વિકાસ પંચાલ તથા દીપુ ચોકસીને મદદ માટે આપી હોવાનું જાણવા મળ્યું હતું.આ અંગે રુચિતભાઈએ ધર્મેન્દ્ર પરાંતે,રાહુલ ગુપ્તા,વિકાસ પંચાલ,ભાગ્યેશ અને દીપુ ચોકસી વિરુદ્ધમાં નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટના જોઇએ તો નડીયાદના કઠલાલના લસુન્દ્રા સીમ વિસ્તારમાં આવેલા સાત વીઘા જમીનમાં ખોટું નામ,ખોટું આધાર કાર્ડ બનાવડાવી કઠલાલ સબ રજીસ્ટ્રાર કચેરીએ રજુ કરી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કર્યો હતો.જેની જાણ ખેડુતને થતા સીટમાં કરેલ અરજી માન્ય રાખી ફરિયાદ કરવા હુકમ કરતા ખેડૂતો ત્રિપુટી સામે કઠલાલ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી છે. કઠલાલના પોરડા ફાગવેલમાં રહેતા બાલુભાઇ રાઠોડ ઉં.૭૪ પરિવાર સાથે રાજસ્થાન બાંસવાડા સ્થિત કંપનીમાં નોકરી કરતા હતા પરંતુ છેલ્લા એક માસથી તબિયત બગડતા હાલ પોરડામાં રહે છે. વૃધ્ધની વડીલોપાર્જીત જમીન લસુન્દ્રા સીમમાં આવેલી છે જે જમીન વૃધ્ધાના દિકરા વાવે છે. આ દરમિયાન વર્ષ-૨૦૨૪માં ખેડુતે જમીનની નકલ કઢાવતા તેમની જમીનમાં વેચાણ નોંધ પડી હતી.જે બાદ વૃધ્ધે કચેરીમાં જઈ દસ્તાવેજની નકલ મેળવતા જમીનનો રજીસ્ટર દસ્તાવેજ ગયા વર્ષના મે મહિનામાં થયો હતો.

જેમાં વેચાણ આપનાર તરીકે ગામના બાલુભાઇનો ફોટો હતો ત્યારે સાક્ષીમાં રાજેશ અને વિજય અરવિંદભાઇ રાઠોડ હતા. આ ઉપરાંત દસ્તાવેજમાં લગાવેલ ફોટો આધારકાર્ડ અને સહી પણ વૃધ્ધની ન હતી.આ ઉપરાંત દસ્તાવેજ માર્મિક,ગીરીશચંદ્ર અને મધુબેન બારોટના નામે થયો હોવાનું બહાર આવ્યું હતુ. વૃદ્ધ ખેડુતે જિલ્લા કલેકટરની અધ્યક્ષતાવાળી સીટમાં અરજી કરતા ફરિયાદ જણાવ્યું હતુ. કઠલાલ પોલીસે ભીખાભાઇ ઉર્ફે ભલાભાઇ પુનમભાઇ પરમાર, રાજેશ નારણભાઈ રાઠોડ અને વિજય મણીભાઇ રાઠોડ ત્રણેય રહે પોરડા ફાગવેલ તા.કઠલાલ સામે ગુનો નોંધ્યો હતો. આમ ગઠીયાગીરીની વધુ બે ઘટનાઓ સામે આવી હતી.

### વિમલનગર રોડ બીઓબીના એટીએમ પાસે બે શખ્સની લુખ્ખાગીરી

# ATMમાં રોકડ મુકવાનું કામ કરતી કંપનીના બે ઓફિસરને લાફા મારી ભાંડી ગાળો

## બે અજાણ્યા રાહદારીઓ સાથે ડખ્ખો કરતાં હતાં તેણે સીએમસી કંપનીના બે ઓફિસરને સામુ જોવા મામલે માર માર્યો ગાડીના ગનમેન, ડ્રાઈવર સાથે પણ ઝપાઝપીઃ વાહન નંબરના આધારે પકડી લેવા યુનિવર્સિટી પોલીસની તજવીજ

રાજકોટ, તા. ૬

મારામારીની અન્ય એક ઘટના સરાજાહેરમાં બની છે. રાજકોટની તમામ નેશનલાઇઝ બેંકના એટીએમમાં રોકડ લોડીંગ, અનલોડીંગનું કામ કરતી સીએમએસ કેસ મેનેજમેન્ટના બે કેસ ઓફિસર એટીએમમાં રોકડ મુકવા, ઉપાડવાની કામગીરી માટે કંપનીની ગાડીમાં ગનમેન અને ડ્રાઇવરને લઇ વિમલનગર રોડ પર બેંક ઓફ બરોડાના એટીએમ પાસે હતાં ત્યારે બે અજાણ્યા શખ્સોએ બે કેસ ઓફિસરને સામુ જોવા મામલે ગાળો દઇ લાફા મારી લેતાં ટોળા ભેગા થઇ ગયા હતાં. પોલીસને ફોન કરાતાં બંને ભાગીગયા હતાં.



વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે કાલાવડ રોડ કટારીયા ચોકડી નજીક મટુકી રેસ્ટોરન્ટ પાછળ પૂજા બોય હોસ્ટેલમાં રહેતાં અને એરપોર્ટ ફાટક જૈન દેરાસર પાસે આવેલ સીએમસી કેસ મેનેજમેન્ટમાં કેસ ઓફિસર તરીકે ફરજ બજાવતાં ઓગણીસ વર્ષના કુલદીપ હરેશભાઇ મેટડીયાની ફરિયાદ પરથી બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી છે. કુલદીપ મેટડીયાએ જણાવ્યું છે કે હું મુળ વિછીયાના લાલાવદરનો વતની છું અને હાલ રાજકોટ પી.જી.માં એક વર્ષથી રહી એરપોર્ટ ફાટક પાસેથી કંપનીમાં નોકરી કરુ છું. અમારી કંપનીની કામગીરી રાજકોટ શહેરના તમામ બેંકના એટીએમમાં કેસ -રોકડ લોડીંગ અને અનલોડીંગ કરવાની છે. મારી ફરજનો સમય સવારના સાડા નવથી સાંજના સાત વાગ્યા સુધીનો છે.

નિત્યક્રમ મુજબ હું સવારે ટાટા ગાડીમાં બીજા કેસ ઓફિસર રાહુલભાઇ નાગરભાઇ રાઠોડ સાથે ફરજ પર જાઉ છું. બુધવારે સવારે પણ અમે ગાડીમાં નીકળ્યા હતાં. ડ્રાઇવર તરીકે અરૂણભાઇ રસીકલાલ નિમાવત અને ગનમેન તરીકે કનકસિંહ કિરીટસિંહ રાણા હતાં. બાદમાં સાંજના સાડા છએક વાગ્યે ટાટા ગાડી નં. જીજે૦૧એલટી-૦૮૯૨ લઇ યુનિવર્સિટી રોડ વિમલનગર મેઇન રોડ શીવધારા ચાર રસ્તા પર આવેલા બેંક ઓફ ઇન્ડિયાના એટીએમ ખાતે ગયા હતાં. ત્યાં અમે કેસ-રોકડ લોડીંગ કરવા માટે ગાડી ઉભી રાખી હતી. કામ પુરૂ કરી અમે પરત ગાડી પાસે આવ્યા ત્યારે બે અજાણ્યા શખસો રસ્તા પરથી પસાર થતાં આવતા જતાં લોકોને ગાળો દેતાં હોઇ અને સુલેહ શાંતિનો ભંગ કરતાં હોઇ અમે તેના તરફ ધ્યાન દીધુ નહોતું.

એટીએમમાંથી અમે રોકડ રકમ કેસેટ બેગમાં ભરી હતી, આ કેસેટ બેગ અમારી ગાડીના પાછળના વોલ્ટમાં (રૂપિયા રાખવાની જગ્યા)માં રાખતો હતો ત્યારે બંને શખ્સ મારી પાસે આવ્યા હતાં. આ બેમાંથી એક શખ્સે કાળો સફેદ ચેક્સવાળો શર્ટ પહેરલો હતો. આ શખ્સે સામુ જોવા મામલે મારી સાથેના કેસ ઓફિસર રાહુલ રાઠોડને ગાળો દઇ ઝાપટો મારી લીધી હતી. બીજો શખ્સ જેણે આછો ગુલાબી શર્ટ કે ટીશર્ટ પહેર્યુ હતું તેણે મને પણ કારણ વગર ગાલ પર ફડાકો મારી દઇ 'સામુ કેમ જોવે છે?' કહી ઝઘડો કર્યો હતો. બાદમાં રાહુલનો એક શખ્સે કાઠલો પકડી લીધો હતો. બંને શખ્સ અમારી સાથે માથાકુટ કરતાં હોઇ ગાડીમાંથી ગનમેન કનકસિંહ ઉતર્યા હતાં અને ડ્રાઇવર અરૂણભાઇ પણ આવ્યા હતાં.

તેમની સાથે પણ આ અજાણ્યા બંને શખ્સોએ હાથાપાઇ કરી ઝઘડો કર્યો હતો. અમને બધાને મારી નાખવાની ધમકી આપતાં અમે પોલીસને જાણ કરી હતી. આ દરમિયાન આ બંને શખ્સો નજીકની શીવધામ સોસાયટી-૧ તરફ દોડીને ભાગી ગયા હતાં. તેની પાસે જીજે૦૩એફજે-૧૧૧૧ નંબરનું સફેદ ટુવ્હીલર હતું. દરમિયાન પોલીસ આવી જતાં આ બંનેની શોધખોળ આસપાસમાં કરી હતી. પણ મળ્યા નહોતાં. અમારો રૂટ ચાલુ હોઇ કામગીરી બાકી હોઇ જેથી કામગીરી પુરી કર્યા બાદ મોડેથી ફીરિયાદ નોંધાવી હતી. આ બનાવની જાણ અમે અમારા ઉપરી મેનેજર ભાવીનભાઇ જોષીને કરતાં તેમણે ફરિયાદ નોંધાવવા કહ્યું હતું. યુનિવર્સિટી પોલીસ વાહન નંબરને આધારે બંનેને શોધી રહી છે.

### ત્રણ મહિના જુના મનદુઃખનો ખાર રાખી મનહરપુરના શખ્સે માધાપરના યુવાનને બાઇક સહિત કારથી ઉલાળ્યો

# કારની ઠોકરે લઇ હત્યાનો પ્રયાસ

## ખેતી કરી ગુજરાન ચલાવતાં યુવાનની પાંસળી ભાંગી ગઇ : સાથેના મિત્રને પણ ઈજાઃ ગાંધીગ્રામ પોલીસે દાખલ કર્યો હત્યાના પ્રયાસનો ગુનો

રાજકોટ, તા. ૬

ગમે ત્યારે ગમે તે શખ્સ સરાજાહેર ગુના આચરી લેતો થઇ ગયો છે. શાંત શહેરમાં પોલીસ ગુનાખોરીને કાબુમાં લેવા ગમે તેટલા પ્રયાસ કરે પણ જે ઘટનાઓ બને છે તે જોતા એવુ ઉપસી આવે છે કે જેને ગુનો કરવો છે તેને પોલીસનો જરાય ભય જ નથી. વધુ એક આવી ઘટના સામે આવી છે જેમાં જામનગર રોડ મનહરપુરના શખ્સે સરાજાહેર દિનદહાડે માધાપરના યુવાન અને તેના મિત્રનને બાઇક સાથે કારની ઠોકરે ઉલાળી દઇ હત્યાનો પ્રયાસ કર્યો છે. ત્રણ મહિના પહેલાની માથાકુટનો ખાર રાખી યુવાનને પહેલા આંતરીને આજે નિવેડો કરી નાખવો છે, તારુ પુરૂ કરી નાખવું છે કહી ધમકી આપી હતી. બાદમાં કારની ઠોકરે બાઇકને લઇ હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં યુવાનની પાંસળી ભાંગી ગઇ હતી, તેના મિત્રને પણ ઇજાઓ થઇ હતી.

ઘટના પર નજર કરીએ તો માધાપર રહેતાં યુવાનને તે ઇશ્વરીયા પાર્કની વાડીએથી માધાપર તરફ મોટરસાઇકલ હંકારી જમવા જતો હતો ત્યારે રસ્તામાં મિત્રએ લિફ્ટ લેતાં બંને મિત્ર એઇમ્સ હોસ્પિટલવાળા સર્કલથી આગળ વધતાં મનહરપુર-૧ના શખ્સે પુરઝડપે કાર હંકારી બંનેને ઠોકરે લઇ ઉલાળી દઇ હત્યાનો પ્રયાસ કરતાં ચકચાર જાગી છે. ગાંધીગ્રામ પોલીસે આ ઘટના બારામાં માધાપર ગામ જુના ગેઇટથી અંદર કોળીવાસમાં



રહેતાં સત્યાવીસ વર્ષના રવિ રાયલમભાઇ જાખેલીયાની ફરિયાદ પરથી મનહરપુર-૧ ગામના સંજય રાજુભાઇ જાખેલીયા વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો દાખલ કરી તેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. રવિ જાખેલીયા ખેતી કરી ગુજરાન ચલાવે છે અને પરિવાર સાથે રહે છે.

રવિએ વધુમાં જણાવ્યુ. હતું કે હું ઇશ્વરીયા પાર્ક સામે આવેલી લાલાભાઇ ડોડીયાની વાડીએ ત્રણેક વર્ષથી ખેતી કામ કરી ગુજરાન ચલાવુ છું. બુધવારે પાંચમીએ બપોરે હું લાલાભાઇની વાડીએથી મોટરસાઇકલ હંકારી માધાપર જમવા જવા માટે નીકળ્યો હતો. આ વખતે માધાપરવાળા રોડ પર ડાર્ક ગ્રે જેવા કલરની કાર લઇને જામનગર રોડ મનહરપુર-૧નો સંજય જાખેલીયા આવતો હતો. સંજયએ મને બૂમ પાડી બોલાવતાં મેં મોટરસાઇકલ ઉભુ રાખતાં સંજયએ-હું તને ઘણા દિવસથી શોધુ જ છું, આજે આપણે અગાઉની માથાકટુનો નિવેડો લાવી દેવો છે, આજે તો તારુ પુરૂ કરી નાખવું છે તેમ કહેતાં મેં તેને હું માથાકુટ કરવા નવરો નથી, મારે તારી સાથે કોઇ લપ કરવી નથી તેમ કહી હું ત્યાંથી રવાના થઇ ગયો હતો.

ત્યારબાદ એઇમ્સ હોસ્પિટલવાળા રોડ પર સર્કલ પાસે પહોંચતાં ત્યાં મારો મિત્ર મનસુખ ઉભો હોઇ તેણે મને માધાપર ગેઇટ સુધી લઇજવા કહેતાં મેં તેને મારા મોટરસાઇકલમાં બેસાડી લીધો હતો. અમે બંને સર્કલ ક્રોસ કરી માધાપર તરફ જવા નીકળતાં થોડે આગળ પહોંચ્યા સંજય કાર લઇને ઉભો હતો. તેણે અમને જોતાં જ ફુલ સ્પીડથી કાર હંકારી અમારી પાછળ આવી મારા મોટરસાઇકલને પાછળથી ઠોકર મારી મને અને મિત્ર મનસુખને મોટરસાઇકલ સહિત ઉલાળીને પછાડી દીધા હતાં. અમે બંને રોડ પર ઢસડાઇને પડી ગયા હતાં. આ પછી સંજય તેની કાર લઇ જતો રહ્યો હતો. મને વધારે લાગી ગયું હોઇ મિત્ર મનસુખને સામાન્ય ઇજા થઇ હોઇ કોઇ રાહદારીની મદદલઇ મનસુખે મને એઇમ્સ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

મને માથામાં, હાથમાં, પડખામાં તથા જમાણા પગે ઇજા થઇ હતી. જમણી બાજુ પાંસળીમાં ફ્રેકચર થયાનો રિપોર્ટ આવ્યો હતો. સંજય સાથે મારે ત્રણ મહિના અગાઉ ઝઘડો થયો હતો. તેનો ખાર રાખી હું અને મારો મિત્ર મોટરસાઇકલ પર જતાં હતાં ત્યારે મને મારી નાખવાના ઇરાદે તેણે કાર પુરઝડપે ચલાવી પાછળથી ભટકાડી અમને બંનેને ઉલાળી દઇ ઇજાઓ પહોંચાડી હતી અને ભાગી ગયો હતો. તેમ વધુમાં રવિએ કહેતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઇન્સ. એસ.આર. મેઘાણીના માર્ગદર્શનમાં આસી સબ ઇન્સ. દિલીપસિંહ જે. જાદવે ગુનો નોંધી આરોપીને પકડી લેવા તજવીજ હાથ ધરી છે. અગાઉ સંજયને જેની સાથે ડખ્ખો થયો હતો તેની સાથે રવિ ફરતો હોઇ એ બાબતે બંને વચ્ચે ત્રણ મહિના પહેલા બબાલ થઇ હતી. તેનો ખાર રાખી હવે સંજયએ કારથી બાઇકને ઉલાળી રવિને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

### ત્રેવીસ વર્ષ વીતી ગયા પછી ઉઠાવગીર પણ ભુલી ગયો હશે કે તેના પર ગુનો છે

# વાહન ચોરીને ભાગેલો શખ્સ બે દાયકા બાદ પકડાયો!

## બીજી તરફ ગેસ કટરથી એટીએમ કાપી પંદર લાખ ચોર્યાઃ ટાબરીયો ઝડપાયો, સુત્રધાર સહિત ત્રણની શોધખોળ

રાજકોટ, તા.૬

ગુનેગારો ગમે એટલા સાતીર ભલે હોય, ગુનો આચર્યા પછી પોતાને પોલીસ પકડી જ નહિ શકે તેમ સમજીને ભલે વર્ષો સુધી ભાગતા ફરે પણ એક દિવસ તો એવો આવતો જ હોય છે જ્યારે કાનૂનના લાંબા હાથ જે તે ભાગેડુ આરોપી ગુનેગાર સુધી પહોંચી જતાં હોય છે. વધુ એક વખત પોલીસે આ વાત સાબીત કરી છે. ત્રેવીસ વર્ષ પહેલા વાહન ચોરી કરનારો શખ્સ સતત આટલા વર્ષો સુધી ફરાર રહ્યા બાદ અંતે પોલીસે તેને પકડ્યો છે. ચોરી કર્યા બાદ આ શખ્સ જે તે વખતે શ્રીનાથજીના ચરણે ગયો હતો અને બાદમાં ટ્રેકટરનો ડ્રાઇવર બની મજૂરી કરી મોજથી જીવન જીવવા માંડ્યો હતો. પોલીસે ત્રણ દિવસની વોચ રાખી તેને પકડી લીધો હતો. ગુનો ભલે વાહનચોરીનો હતો, પણ પોલીસ ધારે તો શું ન કરી શકે તે વાત સમજી શકાય છે.

વિગતો જોઇએ તો હાલમાં ભાગેડુ જુના ગુનેગારોને શોધવા પોલીસે કમર કસી છે. રાજ્યભરની પોલીસ આવા ગુનેગારોને શોધતી હોય છે. દરમિયાન છેલ્લા ત્રેવીસ વર્ષથી મહિધરપુરા પોલીસ સ્ટેશનના વાહન ચોરીના ગુનામાં નાસતા-ફરતા આરોપીને રાજસ્થાનના નાથદ્વારા ખાતેથી સુરત પોલીસે પકડી પાડ્યો છે. આરોપી ચોરી કરીને છેલ્લા ત્રેવીસ વર્ષથી શ્રીનાથજીના મંદિરે પહોંચી ગયો હતો પગે લાગ્યા બાદ નવી જીંદગી ચાલુ કરી હતી. તે ટ્રેક્ટર ચલાવી ગુજરાન ચલાવતો હતો. તેને એમ હતુ કે હવે તો બે દસકાથી પણ વધુનો સમય થઇ ગયો છે જેથી પોલીસ તેને ભુલી ગઇ હશે. પરંતુ તેનો આ વિચાર ખોટો સાબીત થયો હતો. બાતમી મળતોં પોલીસે ત્રણ દિવસ વોચ ગોઠવી પકડી પાડવામાં સફળતા મેળવી હતી.

વધુ માહિતી જોઇએ નો મહિધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષ બેહજારની સાલમાં આરોપી શંકર પન્નાલાલ ગાયરીએ અન્ય ત્રણ આરોપીઓ સાથે મળીને એકબીજાની મદદગારીથી એક કાળા કલરની સ્પેલન્ડર પ્લસ મોટર સાયકલ ચોરી કરી હતી. બાઈક ની બેલ્જીયમ ટાવર મહિધરપુરા ખાતેથી ચોરી કરીને આરોપીએ પોતાના ગામ બાગોલ ખાતે લઈ ગયો હતો. અન્ય ત્રણ આરોપીઓને અગાઉ પકડીને અટક કરીને



કાર્યવાહી કરી હતી. જ્યારે આરોપી શંકર વોન્ટેડ હતો. દરમિયાન આરોપી સામે સીઆરપીસી સિત્તેર મુજબના વોરંટ પણ ઇશ્યુ થયું હતું. આરોપી શંકર છેલ્લા ૨૩ વર્ષથી રાજસ્થાનના બાગોલ એટલે કે શ્રીનાથજીના ચરણમાં જતો રહ્યો હતો. આરોપી બાગોલ ખાતે હોવાની બાતમી મહીધરપુરા પોલીસને મળી હતી.

ત્યારબાદ એક ટીમ બનાવીને રાજસ્થાન આરોપીને પકડી પાડવા માટે મોકલવામાં આવી હતી. જ્યાં ત્રણ દિવસ આ ટીમે વોચ ગોઠવી હતી અને આરોપીને પકડી પાડ્યો હતો. આરોપી છેલ્લા ત્રેવીસ વર્ષથી ટ્રેક્ટર ચલાવીને મજૂરી કામ કરતો હતો. હાલ તો મહિધરપુરા પોલીસ આરોપીને લઈને સુરત આવી છે અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી. અગાઉ પણ પોલીસ આવા ગુનેગારોને પકડી ચુકી છે જે વીસ બાવીસ વર્ષ કે તેનાથી વધુ વર્ષ સુધી અલગ અલગ ગુનાઓમાં ફરાર હતાં. અમુક તો સાધુ બનીને જીવતા હોવાનું પણ સામે આવ્યું હતું.

બીજી તરફ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાયણ ગામમાં આવેલી એસબીઆઇ બેંકના એટીએમમાં ચોરી થઈ હતી. અજાણ્યા ઈસમોએ ગેસ કટર વડે એટીએમ મશીન કાપીને ૧૫.૭૩ લાખ રૂપિયા રોકડા ચોરી લીધા હતા. તસ્કરોએ સીસીટીવી કેમેરા પર બ્લેક સ્પ્રે છાંટીને ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ઓલપાડ પોલીસ, સુરત જિલ્લા એલસીબી, એસઓજીની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે તસ્કરોને પકડવા માટે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન, પોલીસ ટીમોએ સુરત અને ભરૂચ જિલ્લાના ત્રણસોથી વધુ સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતાં.

આ મહેનત દરમિયાન એટીએમ નજીકના જ એક સીસીટીવી કેમેરામાં એક શંકાસ્પદ લ્ક્સ કાર દેખાઈ હતી. આ કારમાં તરૂણબાબુ વૈષ્ણવ નામનો ઈસમ હોવાનું ઓળખાયું હતું. પોલીસે ગણતરીના કલાકોમાં જ તરુણ વૈષ્ણવને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. પોલીસની કડક પૂછપરછમાં તરુણે ચોરીની કબુલાત આપી હતી. તરૂણે પોલીસને જણાવ્યું કે છ વર્ષ પહેલા તેની હરિયાણાના શેરખાન સાથે ઓળખાણ થઈ હતી, અને શેરખાન મારફતે તે તસ્લીમના સંપર્કમાં આવ્યો હતો.

તસ્લીમે એક મહિના પહેલા એટીએમમાં ચોરીનો પ્લાન બનાવ્યો હતો અને તરુણને એલપીજી સિલિન્ડર તેમજ ઓક્સિજન બોટલની વ્યવસ્થા કરવાનું કહ્યું હતું, જે તેણે કરી હતી. ત્યારબાદ, ઓલપાડના સાયણમાં ૯૮ બેંકના ખ્વ્પ્ની રેકી કરવામાં આવી હતી. એટીએમ બહાર કોઈ વોચમેન ન હોવાથી ગેંગે ચોરીને અંજામ આપ્યો હતો. તેમાંથી પંદર લાખ તોંતેર હજાર રૂપિયા ચોરી કરીને તેઓ ભાગ વહેંચીને જુદા પડી ગયા હતા. ઝડપાયેલા સગીરની વધુ પુછતાછ થઇ રહી છે. જ્યારે સુત્રધાર તસ્લીમ સહિત ત્રણની શોધખોળ કરવામાં આવી રહી છે.

# કટારીયા ચોકડીમાં ત્રણ ડાયવર્ઝન શરૂ

## કામગીરી પુરપાટમાં ચાલુ : જામનગર રોડ થી ગોંડલ રોડ તરફ જતો રિંગ રોડ હાલ બંધ

રાજકોટ, તા. ૬

રાજકોટ હાલ ડગલેને પગલે વિકાસ કરી રહ્યું છે ત્યારે ટ્રાફિક સમસ્યા હલ કરવા તથા નિવારવા કટારીયા ચોકડી વિસ્તાર ખાતે હાલજે કેબલ બ્રિજ બની રહ્યો છે તેનાથી રાજકોટ ના લોકોને ખૂબ વધુ ફાયદો થશે ત્યારે આ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે અને હાલ આ અંગે વિધિવત પગલાઓ પણ લેવામાં આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ કટારીયા ચોકડી વિસ્તારમાં બ્રિજ બનાવવાના કામના પગલે ગોંડલ રોડ તથા જામનગર રોડ તરફના માર્ગમાં ટ્રાફિક ડાયવર્ઝન રૂટ અમલમાં મૂકવામાં આવ્યો છે એટલું જ નહીં કારણે કટારીયા ચોકડી થી ગોંડલ રોડ થી જામનગર રોડ તરફ તથા જામનગર રોડ થી ગોંડલ રોડ તરફ જતો રિંગ રોડ હાલ બંધ કરવામાં આવ્યો છે.

હાલ જ વિગતો મળી રહી છે તે મુજબ આ બ્રિજ બનવાથી ટ્રાફિક ની સમસ્યા સંપૂર્ણપણે હળવી થઈ જશે અને બંને દિશાના વાહનો માટે હાલ માટે ડાયવર્ઝન રૂટ શરૂ કરી દેવામાં આવ્યો છે. જે મુજબ વાહનોને વૈકલ્પિક માર્ગ દ્વારા પસાર થવાની વ્યવસ્થા કરવામાં આવે સાથોસાથ કાલાવડ રોડથી મેટોડા જતા વાહનોને ટ્રાફિક પ્રશ્ન ન સતાવે તે માટેના ડાયવર્ઝન પણ શરૂ




કરી દેવાયા. એટલું જ નહીં કાલાવડ રોડ થી મેટોડા જતો માર્ગ હાલ પૂરતો ચાલુ રાખવામાં આવ્યો છે જેથી તે દિશામાં આવતા જતા વાહન ચાલકોને કોઈ પારાવાર મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

૧૫૦ ફુટ રીંગ રોડ-૨, ગોંડલ ચોકડી થી જામનગર રોડ તરફ જવા માટેઃ- (લંબાઈ ૧૧૫૦ મીટર પહોળાઈ ૧૮.૦૦ મીટર) (ભારે વાહનો માટે) એકવાકોરલ થી પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ થી જીનીયશ સ્કુલ થી કાલાવડ રોડ થી કોસ્મોપ્લેક્ષ સિનેમા પહેલા સેરેનીટી ગાર્ડનવાળા રસ્તા થી કોનપ્લેક્ષ સિનેમા થઈ ૧૫૦ ફુટ રીંગ રોડ-૨. ૧૫૦ ફુટ રીંગ રોડ-૨, જામનગર રોડ થી ગોંડલ રોડ તરફ જવા માટેઃ- (લંબાઈ-૬૫૦.૦૦ મીટર પહોળાઈ-૧૮.૦૦ મીટર) ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ થઈ એલેકઝીર રોડ થી ગ્રીન ફિલ્ડ ગાર્ડનવાળા રસ્તા થી કાલાવડ રોડ થી કોરાટવાડી મેઇન રોડ ધ વાઈબ રોડ ૧૫૦ ફુટ રીંગ રોડ -૨. ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ જામનગર રોડ થી કાલાવડ રોડ થી ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ ગોંડલ રોડ તરફ (લંબાઈ ૧૬૦૦.૦૦ મીટર પહોળાઈ મીટર ૨૪.૦૦ મીટર) (આવવા તથા જવા માટે) (ભારે તથા ઈન્ડસ્ટ્રીયલ વાહન માટે) ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ થી રત્નવિલાસ પેલેસવાળા રસ્તા થઈ કાલાવડ રોડ કણકોટ ચોકડી થી વિર-વિરૂ તળાવ ૨૪.૦૦ મીટરવાળા રસ્તે થઈ ૧૫૦ ફુટ રીંગ રોડ-૨. નગરજનોને વિનંતી છે કે તેઓ આ તાત્કાલિક ડાઈવર્ઝન વ્યવસ્થાનો અમલ કરી, ટ્રાફિક વિભાગ તથા રાજકોટ મહાનગરપાલિકાના માર્ગદર્શન મુજબ વાહન વ્યવહાર રાખે અને સહકાર આપે. નાગરિકોની સુરક્ષા અને સુવિધા માટે કરવામાં આવતી કામગીરીમાં સહયોગ આપવા વિનંતી છે.

# ખેત નુકસાનીનો સર્વે રિપોર્ટ સરકારને સુપરત

## રાજકોટ જિલ્લા કલેકટરે થયેલ કામગીરીનો આપ્યો ચિતાર : ૬૫૨ ગામોમાં ૧૮૨ ટીમોએ કર્યો સર્વે



રાજકોટ, તા. ૬

માવઠાના પગલે સમગ્ર રાજ્યના ખેડૂતોને ખાસું એવું નુકસાન પહોંચ્યું છે જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા તાકીદે સર્વે શરૂ કરવા જણાવ્યું હતું મળતી માહિતી મુજબ હાલ સર્વે પૂર્ણ કરી દેવામાં આવ્યો છે અને મુખ્યમંત્રીએ પણ જણાવ્યું કે અત્યારે ઝડપભેર સર્વે કરી દેવામાં આવે તો કૃષિ રાહત પેકેજની જાહેરાત થઈ શકે. પરંતુ રાજકોટ જિલ્લા સહિત અનેક જિલ્લાઓમાં ખેડૂત નુકસાની અંગે તાકીદે રાહત પેકેજ જાહેર કરવા અને હાલની સ્થિતિને નિવારવા માટે સ્થાનિક પ્રશાસનને ખાસ અપીલ વિવિધ પક્ષો દ્વારા કરવામાં આવી રહી છે ત્યારે કોંગ્રેસે ખેડૂત આક્રોશ યાત્રાનું આયોજન સોમનાથ થી દ્વારકા સુધીનું કર્યું છે જેમાં વિવિધ ગામમાં યાત્રા પહોંચી ત્યાંના સ્થાનિક સરકારી યોજના અધિકારીઓ અને રજૂઆત કરવામાં આવી રહી છે.

હાલ વિગતો મળી રહી છે તે મુજબ રાજકોટ જિલ્લાના તમામ ગામોમાં જે ખેતી પાકને નુકસાની પહોંચ્યું હોય અને તે અંગે જે સર્વે કરવામાં આવ્યો છે તેનો રિપોર્ટ રાજ્ય સરકારને મોકલી દેવાયો છે તેવું જિલ્લા કલેકટર ઓમ પ્રકાશે જણાવ્યું હતું.

કલેકટર ડો. ઓમપ્રકાશે જણાવ્યું હતું કે જિલ્લામાં ૬૫૨ ગામોમાં ૧૦૨ જેટલી ટીમો દ્વારા આ સર્વે કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજય સરકાર દ્વારા સહાય પેકેજ જાહેર કરાશે. રાજકોટ જિલ્લામાં રાજકોટ, ધોરાજી, ગોંડલ, જામકંડોરણા, જસદણ, જેતપુર, કોટડા સાંગાણી, લોધિકા, પડધરી, ઉપલેટા અને વિંછીયા તાલુકામાં કમોસમી વરસાદના કારણે મગફળી, કપાસ, સોયાબીન, શાકભાજી જેવા ખેતી અને બાગાયતી પાકોનો સર્વેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

જિલ્લામાં થયેલા કમોસમી વરસાદના કારણે મગફળીના પાકના પાથરા પલળી જવા, પાથરામાં રાખેલા ખેતપેદાશો વરસાદને લીધે ઉગી જવી, કપાસના પાકમાં જીંડવા ખરી જવા કે ઉગી જવા, સોયાબીનના પાકમાં પાથરા પલળી જવા કે ઉગાવો નીકળી જવા જેવી નુકસાની થવા પામી છે. સાથોસાથ દિવેલા, તુવેર, ઘાસચારો વગેરે પાકોમાં થયેલ નુકસાનીની વિગતો પણ સર્વેમાં સામેલ કરવામાં આવેલી છે.

સર્વેની તાલુકા પ્રમાણે કરાયેલી કામગીરીની વિગતો મુજબ ધોરાજી તાલુકાના તમામ ૩૬ ગામો, ગોંડલ તાલુકામાં ૮૭, જામકંડોરણામાં ૪૭, જસદણમાં ૬૦, જેતપુરમાં ૫૫, કોટડા સાંગાણીમાં ૪૧, લોધિકામાં ૩૮, પડધરીમાં ૫૮, રાજકોટ તાલુકામાં ૧૨૯, ઉપલેટામાં ૫૫ ગામો અને વીંછીયામાં ૪૬ ગામો મળીને તમામ ૬૫૨ ગામોમાં સર્વે કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવામાં આવી છે. હવે જોવાનું એ રહ્યું કે સરકાર આ બાબતે શું પગલા લે છે એટલું જ નહીં તાકીદે રાહત પેકેજની જાહેરાત કરવામાં આવે છે કે કેમ ? અને શું રાહત પેકેજ આપવામાં આવશે તે પણ જાણવાનું રહ્યું.

### ૨૪૯ કરોડના લક્ષ્યાંક સામે ૨૮૦ કરોડ મેળવ્યા : આગામી સમયમાં પણ રાજકોટ GSTની આવકમાં થશે નોંધપાત્ર વધારો

# રાજકોટ GSTની આવકમાં એકત્રીસ કરોડનો વધારો

રાજકોટ, તા. ૬

જે સમયથી સરકારે જીએસટી ને લાગુ કર્યો છે તે સમયથી રાજ્ય સરકાર હોય કે કેન્દ્ર સરકાર તેની આવકમાં ઉતરોતર વધારો નોંધાયો છે. સામે અનેકવિધ અટકડો હોવા છતાં પણ દેશની તિજોરી જીએસટીની આવકથી છલકાઈ ચૂકી છે તો રાજ્યની આવકમાં પણ ખાસો એવો વધારો સમયાંતરે જોવા મળે છે. મળતી માહિતી મુજબ રાજકોટ જીએસટી વિભાગ એ ઓક્ટોબર મહિનામાં દિવાળી ના તહેવારમાં ખૂબ સારી આવક કરી હોવાનું હાલ જણાવી રહ્યું છે એટલું જ નહીં રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલા ટાર્ગેટને પણ પૂર્ણ કરી તેનાથી વધુ આવક કરી છે. મળતી માહિતી મુજબ ઉદ્યોગકારોને પણ ખાસો એવો લાભ દિવાળીના દિવસોમાં થયો અને તેની સીધી જ અસર રાજકોટ જીએસટીની આવક ઉપર જોવા મળી. પુત્રોના જણાવ્યા અનુસાર નિર્ધારિત ટાર્ગેટ કરતા પણ વધુ ૩૧ કરોડની આવક રાજકોટ જીએસટી વિભાગે કરી છે.

એક સમય લાગતું હતું કે હાલ જે જીએસટી સુધારા થયા છે તેનાથી આવક ઉપર અસર પડશે પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિ ને ધ્યાને લઈ એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે જે આવક વધી છે તેની પાછળ નવી જીએસટી નીતિને આધિન છે. એટલું જ નહીં ખાસ એ વાત ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે કે આવનારા દિવસોમાં પણ હજુ પણ રાજ્ય સરકારની સાથો સાથ રાજકોટ ડિવિઝન ની આવકમાં વધારો થઈ શકે છે. રાજકોટ એન્જિનિયરિંગનું હબ માનવામાં આવે છે અને રાજકોટ આસપાસ અનેક ઉદ્યોગો સ્થાપિત થયેલા છે ત્યારે રાજકોટ વિભાગને જે ટાર્ગેટ સરકાર દ્વારા એટલે કે રાજ્યકર વિભાગ દ્વારા આપવામાં આવતો હોય તે સુચારું રૂપથી પૂર્ણ કરી દે છે.




હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ઓકટોબરમાં રાજકોટ જીએસટી વિભાગનો આવકનો ટાર્ગેટ ૨૪૯ કરોડ હતો. તેની સામે રાજકોટ વિભાગને ૨૮૦ કરોડની આવક થતા ૩૧ કરોડની વધુ આવક થવા પામી છે. તેઓએ એમ પણ જણાવેલ હતું કે, ગત ઓકટોબર-૨૦૨૪માં રાજકોટ વિભાગને ૨૩૩ કરોડની આવક થઈ હતી. તેની સામે ચાલુ વર્ષે ૨૮૦ કરોડની આવક થઈ છે.

વધુમાં તેઓએ જણાવેલ હતું કે, વર્ષ-૨૦૨૪માં એપ્રિલથી ઓકટોબર દરમ્યાન રાજકોટ જીએસટી વિભાગને રૂા. ૧૬૬૬ કરોડની આવક થઈ હતી. જેની સામે ચાલુ વર્ષે એપ્રિલથી ઓકટોબર સુધીમાં રાજકોટ વિભાગને રૂા. ૧૮૨૫ કરોડની આવક થતા ચાલુ વર્ષે ૨૦૦ કરોડથી વધુની આવક થઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે ઓકટોબર-૨૦૨૫માં ગુજરાત રાજયને જીએસટી હેઠળ રૂા. ૭૧૨૭ કરોડની આવક થયેલ છે જે ઓકટોબર-૨૦૨૪માં થયેલ આવક કરતા ૧૬.૭ ટકા વધુ છે. ઉલ્લેખનીય બાબત એ પણ છે કે ઓકટોબર-૨૦૨૫માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો સ્ત્રોત ૪.૬ ટકા રહેલ છે. ગુજરાતને ગત ઓકટોબર માસમાં વેટ હેઠળ રૂા. ૨૫૩૫ કરોડ અને વિદ્યુલ શુલ્ક હેઠળ રૂા. ૧.૦૧૬ કરોડ વ્યવસાય વેરા હેઠળ રૂા. ૨૬ કરોડની આવક થઈ હતી. અપેક્ષા કરતા હાલ વધુ આવક રાજ્ય જીએસટી કરી રહ્યું છે અને તે હેઠળના મુખ્ય શહેરો પણ હાલ આવક કરી રહ્યા છે.

આ પાછળનું કારણ ગુજરાતની ઔદ્યોગિત નીતિઓ, અવિરત વીજ પુરવઠો, કાર્યક્ષમ લોજિસ્ટિક્સ અને એમએસએમઈ-આધારિત ઔદ્યોગિક કલસ્ટર્સની ઝડપી વૃદ્ધિ છે. આ ઉપરાંત અમદાવાદ, સાણંદ, સુરત, વડોદરા, ભરૂચ, જામનગર, નરોડા, વટવા, નારોલ, ચાંગોદર-મોરૈયા, બાવળા, છત્રાલ અને કલોલ જેવા જિલ્લાઓ આને વેગ આપતા મુખ્ય ઉત્પાદન પટ્ટાઓ તરીકે ઉભરી આવ્યા છે. ઔદ્યોગિક એકમોમાં સતત વધારો રાજ્યના જીએસટી કલેક્શનમાં પણ જોવા મળ્યો હતો. જીએસટી કલેકશન છ વર્ષમાં લગભગ ત્રણ ગણું વધ્યું હતું. જીએસટી અમલના પ્રથમ વર્ષ ૨૦૧૭-૧૮ (જુલાઈથી) માં ૪૫,૯૦૫ કરોડ હતું, જે વધીને ૨૦૨૩-૨૪ માં ૧,૨૫,૧૬૮ કરોડ થયું છે. કોરોના મહામારીના વર્ષને બાદ કરતાં જીએસટી આવક સતત વધી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે આવકમાં આ વધારો વધુ ઔપચારિકતા અને ટેક્સ ડિસિપ્લિનને દર્શાવે છે. જીએસટીએ વ્યવસાયોને પારદર્શિતા તરફ દોર્યા છે. કલેક્શનમાં ત્રણ ગણો વધારો આ ક્ષેત્રમાં થઈ રહેલો સુધારો સૂચવે છે. આ ઉપરાંત તેમણે કહ્યું, એમએસએમઈ હજુ પણ કેટલાક પડકારોનો સામનો કરી રહ્યા છે. હાલની સિસ્ટમના કારણે ઘણા નાના એકમોને માસિક ફાઈલિંગ, ડોક્યુમેંટેશન અને રિફંડમાં વિલંબ થાય છે. ઘણા માઈક્રો યુનિટ્સ હજી પણ ડિજિટલ ટેક્સ સિસ્ટમ સાથે અનુકૂલન સાધી રહ્યા છે.

### જે. કે. પાર્કના વૃધ્ધ શાકભાજી લઈ ઘરે જતા હતાં ત્યારે આલાપ ગ્રીન સીટી પાસે બનાવ

# સ્કૂટી સ્લીપ થતા તલાટીના પિતાનું મોત

## મહિલા કોલેજ અન્ડર બ્રીજમાં ત્રણ સવારીવાળુ બાઇક ડિવાઇડરમાં અથડાઇને ફેંકાયુંઃ ત્રણ મિત્રોને ઈજાઃ એક ગંભીર

રાજકોટ, તા. ૬

વધુ એક જીવલેણ અકસ્માત શહેરમાં સર્જાયો છે. જેમાં સ્કૂટી સ્લીપ થઇ જવાને કારણે તલાટી મંત્રીના પિતાજી નિવૃત સરકારી કર્મચારી વૃધ્ધનું ગ઼ભીર ઇજા થવાથી મૃત્યુ થયું છે. રૈયા રોડ પર આલાપ ગ્રીન સીટી નજીક આ બનાવ બન્યો હતો. જેમાં જેકે પાર્કમાં રહેતાંવૃધ્ધનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું છે. તેમના પુત્ર તલાટી મંત્રી તરીકે ફરજ બજાવે છે. શાકભાજી, બટેટા લેવા ગયા હતાં. પરત ઘરે જતી વખતે રસ્તામાં કાળ ભેટી ગયો હતો. બીજી એક અકસ્માતની ઘટનામાં ત્રણ સવારીવાળુ બાઇક મહિલા કોલેજ અન્ડર બ્રીજ પાસે ડિવાઇડરમાં અથડાઇ જતાં ત્રણેય મિત્રોને ગંભીર ઇજાઓ પહોંચી હતી.

જીવલેણ અકસ્માતની વિગતો જોઇએ તો આલાપ ગ્રીન સીટી પાછળ જે. કે. પાર્કમાં રહેતાં ગિરીશચંદ્ર મગનલાલ દેવે નામના સડસઠ વર્ષના વૃધ્ધ ઘરેથી સ્કૂટી હંકારી નજીકમાં શાકભાજી અને બટેલા લેવા ગયા હતાં. પરત ઘરે જતાં હતાં ત્યારે આલાપ ગ્રીન સીટી નજીક સ્કૂટી પેપ સ્લીપ થઇજતાં તેમને ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ડોક્ટરે તમેને મૃત જાહેર કરતાં સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો. ઘટનાની



જાણ સિવિલ હોસ્પિટલ પોલી ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. વધુ માહિતી અનુસાર મૃત્યુ પામનાર ગિરીશચંદ્ર દવે અગાઉ સરકારી નોકરી કરતાં હતાં. હાલ નિવૃત જીવન જીવતાં હતાં. તેઓ ત્રણ ભાઇ અને એક બહેનમાં નાના હતાં. તેમના દિકરા રોહિતભાઇ ગિરશચંદ્ર દવે હાલમાં પડધરીના તલાટી મંત્રી તરીકે ફરજ બજાવે છે. મોભીના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇગયો હતો.

વાહન અકસ્માતની અન્ય એક ઘટનામાં ત્રણ સવારીવાળુ બાઇક રોડ ડિવાઇડરમાં અથડાતાં ત્રણ મિત્રો લોહીલુહાણ થયા હતાં. જેમાં એકને વધુ ગંભીર ઇજા પહોંચી હતી.

વિગતો જોઇએ તો સાધુ વાસવાણી રોડ પર ગંગોત્રી ડેરી સામે સરકારી ક્વાર્ટરમાં રહેતો અઢાર વર્ષનો યુવરાજ પરષોત્તમભાઇ પરમાર તથા તેના બે મિત્રો સત્તર વર્ષનો વિવેક રાજુભાઇ બારૈયા અને મેટોડા ગેઇટ-૧માં રહેતો ત્રીસ વર્ષનો રોહિત મુળજીભાઇ પરમાર રાતે એકાદ વાગ્યે બાઇકમાં ત્રણ સવારીમાં રેસકોર્ષ તરફ આવ્યા હતાં. નાસ્તો કર્યા બાદ પરત કાલાવડ રોડ તરફ જતાં હતાં ત્યારે મહિલા કોલેજ અન્ડર બ્રીજ પાસે પહોંચતાં કોઇપણ કારણોસર બાઇક ડિવાઇડરમાં અથડાતાં ત્રણેય રોડ પર ફેંકાઇ જતાં ત્રણેય લોહીલુહાણ ગથઇ ગયા હતાં. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં.

આ દરમિયાન કોઇએ ૧૦૮ બોલાવી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. યુવરાજ બે ભાઇમાં મોટો છે અને મજુરી કરે છે. જ્યારે વિકવેક બે ભાઇ અને ત્રણ બહેનમાં બીજો છે તથા છુટક મજૂરી કરે છે. ઉપરાંત રોહિત બે ભાઇ અને એક બહેનમાં નાનો તથા કુંવારો છે અને તે પણ મજુરી કરે છે. હેડકોન્સ. અરૂણભાઇ ચાવડાએ વિશેષ કાર્યવાહી કરી હતી.